بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَّارۡزُقۡنِیۡ فَهۡمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૧૦ ❖ ૧૦, જૂન–૨૦૧૩
૩૦, રજબ, હિ.સન–૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૮૨

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૦૧ |
| કુરઆન શિક્ષણ | ૦૮ |
| અહાદીસ | ૧૦ |
| ગડમથલ | ૧૨ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૩ |
| જનાબે ફાતેમા ઝહરા (અ.)ની તસ્બીહ | ૧૭ |
| મજલિસ : ન્યાય વિષે | ૧૯ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૩ |
| નહજુલ અસરાર | ૨૭ |
| અલ ઈર્શાદ | ૨૯ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૨ |
| મશાયખવાણી | ૩૩ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૭ |
| મીર અનીસના મરસિયા | ૩૯ |
| બ્લોગ | ૪૩ |
| જાફરી પંચાંગ | ૪૭ |
| જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| આપણા ઘરની વાતો | ૫૫ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૭ |


## ઊઘડતે પાને...

આપણા દસમા ઈમામ.

હઝરત ઈમામ અલી નકી (અ.).

આપ (અ.)નો સમકાલીન બાદશાહ હતો મોતવકિકલ. એક વખત આ મોતવકિકલ બાદશાહે ઈબ્ને સકબતને કહ્યું,

"ઈમામ અલી નકી (અ.)ને મારી રૂબરૂમાં અઘરા પ્રશ્નો પૂછી જુઓ."

ઈબ્ને સકબતે ઈમામ (અ.)ને પૂછયું,

'એ બતાવો કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અ.)ને અસાનો મોઅજિઝો, હઝરત ઈસા (અ.) બીમારોને તંદુરસ્તી આપતા હતા અને મડદાંને જીવતા કરતા હતા તે મોઅજિઝો અને હઝરત મોહંમદ (સ.)ને કુરઆન અને તલવાર આપીને શા માટે મોકલ્યા હતા ?''

હઝરત ઈમામ અલી નકી (અ.)એ જવાબ આપ્યો,

''એ જમાનામાં જાદુગરોનું અને જાદુનું ખૂબ જોર હતું. એટલા માટે મૂસા (અ.)ને અસા અને યદે બૈઝાનો મોઅજિઝો આપ્યો હતો કે જેના મુકાબલામાં તે લોકોનું બધું જાદુમંતર બાતિલ થઈ ગયું અને તેમના પર હુજ્જત તમામ થઈ ગઈ.

હઝરત ઈસા (અ.)ના સમયમાં ચિકિત્સાશાસ્ત્રનું ખૂબ જોર હતું તેથી તેમને બીમારોને તંદુરસ્તી આપવાનો અને મડદાંને જીવતાં કરવાનો મોઅજિઝો આપીને તેમના ચિકિત્સાશાસ્ત્ર, વગેરેને બાતિલ કરી દીધું જેનાથી તે લોકો પરાસ્ત થઈ ગયા.

હઝરત મોહંમદ (સ.)ના જમાનામાં તલવાર અને અશઆર (શાયરી)નું ખૂબ જોર હતું તેથી તલવાર (ઝુલ્ફિકાર) અને કુરઆન આપીને આં હઝરત (સ.)એ તે લોકો ઉપર પોતાની હુજ્જત તમામ કરી અને તે લોકોના અશઆર અને તલવારો બાતિલ થઈ ગઈ.''

યહ્યા બિન અકસમે કહ્યું,

''અય ઈબ્ને સકબત ! તેમને વાદવિવાદ (બહસ)માં અને મુનાઝરામાં લગાવો નહીં, અમારે તેમને કેટલાક સવાલો પૂછવા છે.''

આટલું કહીને યહ્યા ઈબ્ને અકસમે એક કાગળ તેમને આપ્યો કે જેમાં ઘણા બધા સવાલો હતા.

હઝરત ઈમામ અલી નકી (અ.) બધા સવાલોના જવાબો બોલતા ગયા અને ઈબ્ને સકબતને ફરમાવ્યું કે એમને લખતા જાઓ.

''(૧) તમે કુરઆને મજીદની આયત **કાલલ્લઝી ઈન્દહુ ઈલ્મુમ મેનલ કેતાબ**ની બાબતમાં સવાલ કર્યો છે. તો સાંભળો. તેનાથી મુરાદ આસિફ્ બિન બરખિયા છે અને એવું નથી કે માત્ર આસિફ્ બિન બરખિયા કે જેમને (ઈસ્મે આઝમની) જાણકારી હતી તે હઝરત સુલયમાન (અ.) જાણતા ન હતા બલ્કે તેઓ પણ જાણતા હતા પરંતુ તેઓ એવું ઈચ્છતા હતા કે તેમની ઉમ્મતને કે જે જિન્નાતો અને ઈન્સાનોની બનેલી હતી, તેમને બતાવી દે કે મારા પછી આ હુજ્જતે ખુદા છે અને આ (ઈસ્મે આઝમ) હઝરત સુલયમાન (અ.)ની પાસે હતું કે જે આપ (અ.)એ આસિફ્ બિન બરખિયાને ખુદાના હુકમથી સોંપી દીધું હતું જેથી તેમની નિયાબતમાં લોકો ઈખ્તેલાફ્ ન કરે અને લોકો ઉપર તેઓ દલીલે મુસ્તહકમ (મજબૂત સાબિતી) બની જાય.

(૨) તમારો એ સવાલ કે હઝરત યાકૂબ (અ.)એ પોતાના ફરઝંદને સજદો કર્યો...?

સાંભળો. આ સજદો હઝરત યૂસુફ (અ.) ને (કર્યો) ન હતો બલ્કે હઝરત યાકૂબ (અ.) અને તેમના ફરઝંદોએ આ સજ્દો અલ્લાહની ઈતાઅતમાં કર્યો હતો અને હઝરત યૂસુફ (અ.) ને સલામ કરવાના અર્થમાં હતો જેવી રીતે કે મલાઈકાનો સજ્દો હઝરત આદમ (અ.)ના માટે ન હતો.

તેથી હઝરત યાકૂબ (અ.) અને તેમના ફરઝંદોનો સજ્દો કે જેમાં ખુદ હઝરત યૂસુફ (અ.) પણ શરીક હતા, તે લોકોનો સામૂહિક શુક્રનો સજ્દો હતો. શું તમે નથી જોતા કે હઝરત યૂસુફ (અ.)એ શુક્રનો સિજ્દો કરતી વખતે આવું કહ્યું હતું :

رَبِّ قَدْ اٰتَيْتَنِيْ مِنَ الْمُلْكِ وَعَلَّمْتَنِيْ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ ... ﴿١٠١﴾

*(પરવરદિગાર ! બેશક તેં મને મુલકમાંથી (અમુક ભાગ) અતા ફરમાવ્યો...)*

(સૂરએ યૂસુફ, આયત–૧૦૧)

(૩) આ આયતની બાબતમાં તમારો સવાલ :

فَاِنْ كُنْتَ فِيْ شَكٍّ مِّمَّآ اَنْزَلْنَآ اِلَيْكَ فَسْــَٔلِ الَّذِيْنَ يَقْرَءُوْنَ الْكِتٰبَ ... ﴿٩٤﴾

*(તેથી અગર તને તેમાં શક છે કે જે અમે તારા ઉપર નાઝિલ કર્યું છે તો એને પૂછ કે જેઓ કિતાબ પઢે છે.)*

(સૂરએ યૂનુસ, આયત–૯૪)

આના મુખાતિબ રસૂલલ્લાહ (સ.) છે અને અલ્લાહે જે આયતો આપના ઉપર નાઝિલ ફરમાવી હતી તેમાં આપને કોઈ શક ન હતો પરંતુ અરબના મૂર્ખાઓ એવું કહેતા હતા કે અલ્લાહે ફરિશ્તાઓમાંથી કોઈને નબી બનાવીને શા માટે ન મોકલ્યો અને તેમના અને અન્ય લોકોના વચ્ચે ફરક કેમ ન રાખ્યો કે તે ન તો ખાવાનું ખાય અથવા પીએ અને ન તો બજારોમાં ઘૂમતો ફરે ?

તો અલ્લાહ તઆલાએ પોતાના નબી (સ.) પર આવી વહી નાઝિલ ફરમાવી કે તે અરબના મૂર્ખાઓની સામે તે લોકોને પૂછો કે જે કુતુબે સમાવીને પઢવાવાળા છે. શું અલ્લાહે કદી કોઈ એવા નબીને આના પહેલાં મોકલ્યો છે ખરો કે જે ખાવાનું ન ખાતો હોય અથવા પાણી નહીં પીતો હોય ? પછી તેમની સીરત તો અય મોહંમદ ! તમારા માટે અમલનો નમૂનો છે.

વળી અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ કે – "જો તમને કોઈ શક હોય."

તો વાસ્તવમાં આપને તો કોઈ શક હતો જ નહીં. આ તો અલ્લાહ તઆલાએ તે કારણે ઈન્સાફ ફરમાવ્યો છે જેમકે અલ્લાહ તઆલાએ મુબાહિલાની આયતમાં ઈર્શાદ ફરમાવ્યો :

... تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَكُمْ ... ﴿٦١﴾

*(આવો, અમે અમારા બેટાઓને બોલાવીએ અને તમે તમારા બેટાઓને બોલાવો.)*

(સૂરએ આલે ઈમરાન, આયત–૬૧)

અગર આપ (સ.) તેની જગ્યાએ આવું ફરમાવત કે આવો, મુબાહિલો કરીએ અને અમે

તમારા લોકો પર અલ્લાહની લા'નતની બદદુઆ કરીએ તો તેઓ કદાપિ મુબાહિલો કરવા ન આવત. જો કે અલ્લાહ પણ જાણતો હતો કે તેનો નબી અને તેનો રસૂલ 'કાઝેબીન' (જૂઠ્ઠું બોલનારાઓ)માંથી નથી અને એવી જ રીતે અલ્લાહનો રસૂલ પણ જાણતો હતો કે જે કંઈ તે કહી રહ્યો છે તે સાચું છે. પરંતુ રસૂલ (સ.)એ ઈચ્છા કરી કે તે પોતાના તરફથી ઈન્સાફ કરે.

(૪) આ આયત વિષેનો તમારો સવાલ

وَلَوْ أَنَّمَا فِي الْأَرْضِ مِنْ شَجَرَةٍ أَقْلَامٌ ... ﴿٢٧﴾

(સૂરએ લુકમાન, આયત–૨૭)

કુદરતનો આ ઈરશાદ કે અગર બધાં વૃક્ષો કલમ બની જાય, સઘળા સમુદ્રો શાહી બની જાય બલ્કે એમાં સાત દરિયા જમીનમાંથી ફૂટીને વધારે શામેલ થઈ જાય.'' આ એવી જ બાબત છે કે જેવું તૂફાને નૂહ (અ.)માં થયું હતું. તેમ છતાં ય અલ્લાહના કલેમાઓ સમાપ્ત નહીં થઈ શકે અને તે સાત ચશ્મા (ઝરણાં) આ છે : (૧) ઐને કિબ્રીત (૨) ઐને યમન (૩) ઐને બર્હૂત (૪) ઐને તિબ્રિયા (૫) ઐને હમ્મા માસૈદાન કે જેને લિસાન પણ કહે છે. (૬) હમ્મા અફ્રિકા કે જેને સૈલાન પણ કહે છે. અને (૭) ઐને બાહૂરાન અને અમે લોકો એ કલેમાઓ છીએ કે જેમના ફઝાએલની જાણકારી પ્રાપ્ત થઈ શકતી નથી અને ન તો તેમને ઘેરી શકાય તેમ છે.

(૫) જન્નત વિષેનો તમારો સવાલ કે તેમાં ખાવા–પીવાની વસ્તુઓ હશે, મોજશોખનો સામાન હશે બલ્કે એવી દરેક વસ્તુ હશે કે જેની લોકો ખ્વાહિશ કરશે અને તેમની આંખોને સારી લાગશે. આ બધી જ વસ્તુઓ અલ્લાહે ત્યાં આદમ (અ.)ની ઓલાદ માટે મુબાહ કરી દીધી છે પરંતુ એ દરખ્ત કે જેની નજીક જવા માટેની અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અ.) અને તેમનાં ઝૌજાને મનાઈ કરી દીધી હતી અને કહી દીધું હતું કે આનું ફળ ખાશો નહીં. તો શજ્રે હસદ (ઈર્ષાનું ઝાડ) હતું. અલ્લાહ તઆલાએ એ બન્ને પાસેથી અહદ લીધો હતો કે એ લોકોને હસદ (ઈર્ષા)ની નજરથી ન જોવું કે જેમને અલ્લાહે તમારા બન્ને કરતાં અફઝલ બનાવ્યા છે.

(૬) અને આ આયત સંબંધી તમારો સવાલ:

أَوْ يُزَوِّجُهُمْ ذُكْرَانًا وَإِنَاثًا ... ﴿٥٠﴾

(સૂરએ શૂરા, આયત–૫૦)

આ આયતને માકબ્લ (પૂર્વની) આયતથી જુઓ. તેનો અનુવાદ આ મુજબ છે : (અલ્લાહ જેને ચાહે છે માત્ર દીકરા આપે છે, અને જેને ચાહે છે માત્ર દીકરીઓ આપે છે અને જેને ચાહે છે દીકરા અને દીકરીઓ બન્નેને મિલાવીને આપે છે.) અલ્લાહ તઆલાના ફરમાબરદાર અને તેના મુતીઅ (આજ્ઞાપાલક) બંદાઓ તઝવીજ (શાદી) કરે છે. અલ્લાહ એવી વાત નથી કહેતો કે જેનાથી તમને શંકા અને ગુનો કરવાના રહસ્યની જાણકારીની વિદાય હોય.

...وَمَنْ يَفْعَلْ ذَٰلِكَ يَلْقَ أَثَامًا ﴿٦٨﴾ يُضَاعَفْ لَهُ الْعَذَابُ يَوْمَ الْقِيَامَةِ وَيَخْلُدْ

فِيۡهٖ مُهَانًا ﴿٦٩﴾

(સૂરએ ફુર્કાન, આયત–૬૮–૬૯)

(અને જે એવું કરશે તે ગુનાની સજા મેળવશે, કયામતના દિવસે બમણા અઝાબમાં સપડાશે અને તેમાં હંમેશાં રહેશે, એ શરતે કે તેણે તૌબા ન કરી લીધી હોય.

(૭) એવો સવાલ કે એવી સ્ત્રી કોણ છે કે જેની એકલીની જ શહાદત (સાક્ષી) જાઈઝ છે ?

સાંભળો. તે સ્ત્રી દાયણ છે પરંતુ રઝામંદીની સાથે અગર તેમાં નાખુશી હોય તો ઓછામાં ઓછી બે સ્ત્રીઓ, એટલા માટે કે પુરૂષ એ ગવાહી આપી શકતો નથી. (આ ગવાહી તો દાયણ જ આપી શકે છે કે તેણે છોકરો જણ્યો છે કે છોકરી) અગર બે જાણીઓ ન હોય, માત્ર એક જ સ્ત્રી હોય તો તેનો કોલ કસમની સાથે કબૂલ થશે.

(૮) અને હીજડા (નપુંસક)ની બાબતમાં અલી (અ.)નો કોલ તો તે જ દુરસ્ત છે કે તે માલની મીરાસ મેળવશે પરંતુ કેટલાક આદિલ માણસો તેને જોશે અને તેની પધ્ધતિ આવી હશે. એ આદિલોમાંથી દરેકના હાથમાં આઈનો હશે અને હીજડો તે લોકોની પાછળ નિર્વસ્ત્ર થઈને ઊભો થઈ જશે. તે લોકો આઇનામાં તેના ખાસ અવયવને જોશે અને ફેંસલો કરશે.

(૯) એવો મસઅલો કે એક માણસે દૂરથી ભરવાડને કોઈ બકરી કે ઘેટીની સાથે બેદફેલી કરતાં જોયો. અગર તે એ બકરીને કે ઘેટીને ઓળખતો હોય તો તેને ઝિબ્હ કરીને બાળી નાખશે અને જો તેને નથી ઓળખતો તો આખા ટોળાને બે વિભાગમાં વહેંચી દઈને કુરૂઆથી અંદાજ કાઢશે. જે ભાગ ઉપર કુર્રૂઓ આવશે તેને બે ભાગમાં વહેંચી દઈને ફરીથી કુરૂઓ નાખશે. જે ભાગ ઉપર કુરૂઓ આવશે તેને બે ભાગમાં વહેંચી દેશે અને આવી રીતે જે ભાગ ઉપર કુરૂઓ આવતો જશે તેને બે ભાગમાં વહેંચતો જશે એટલે સુધી કે બે બાકી રહી જાય. પછી એ બન્ને પર કુરૂઓ નાખશે. જેના ઉપર કુરૂઓ આવી જશે તે બકરીને અથવા ઘેટીને ઝિબ્હે કરીને જલાવી દેશે અને તેને સહ્મે ઈમામમાં સમાવેશ નહીં કરે કેમકે સહ્મે ઈમામ અલ્લાહનો સહ્મ છે, તેમાં ઘટાડો નહીં થાય.

(૧૦) નમાઝે ફજ્રમાં કુરઆનને બાઆવાઝ બુલંદ કરવું એટલા માટે છે કે નબીએ કરીમ (સ.) પરોઢિયાના સમયે કુરઆન બાઆવાઝ બુલંદ પઢ્યા કરતા હતા.

(૧૧) જનાબે અમીરુલ મોમિનીન (અ.) નું એવું કહેવું કે ઈબ્ને સફીયા (ઝુબૈર બિનુલ અવામ)ના કાતિલને જહન્નમની ખબર આપી દો. આવું એટલા માટે (કહ્યું હતું) કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે અગર દુશ્મન હથિયાર નાખી દે તો તેને અમન આપો અને ઝુબૈર (જંગે) જમલના દિવસે જનાબે અમીરુલ મોમિનીન (અ.)ના સમજાવ્યા છતાં ય મેદાને જંગ છોડીને ચાલ્યા ગયા હતા અને જનાબે અમીરુલ મોમિનીન (અ.)એ તેમના કાતિલ જરમૂઝને એટલા માટે કતલ ન કર્યો બલ્કે માલૂમ હતું કે તે

નહેરવાનમાં કતલ થશે.

(૧૨) તમારો એ સવાલ કે જનાબે અમીરુલ મોમિનીન (અ.) જંગે સિફ્ફીનમાં આગળ આવીને મુકાબલો કરવાવાળા અને પીઠ ફેરવીને નાસી જનારાઓ સાથે જંગ કરતા હતા બલ્કે તેમના જખમીઓને પણ છોડતા ન હતા પરંતુ જંગે જમલમાં આપે એવું નથી કર્યું, ન તો નાસી જનારાઓનો પીછો કર્યો કે ન ઘાયલોને કતલ કર્યા બલ્કે એવો હુકમ આપ્યો કે જે માણસ તલવાર મૂકી દે અને હથિયાર ઉતારી દે તેના માટે અમન છે.

આપ (અ.)એ ફરમાવ્યું, વાત જાણે એમ છે કે જમલવાળાઓના સરદારો કતલ થઈ ચૂકયા હતા, ત્યાં કોઈ એવું ટોળું બાકી ન હતું કે જેની પાસે એ લોકો જાય. તેથી બધા લોકો નાસી નાસીને પોત પોતાના ઘેર જઈ રહ્યા હતા. હવે ન તો તેમનો ઈરાદો જંગ કરવાનો હતો અથવા ન કોઈ છળકપટ કરવાનો, કે ન જાસૂસીનો કે ન મુકાબલા પર આવવાનો. તેથી આપ (અ.) એ હુકમ આપ્યો કે તેમને છોડી દો. તેમના માથે તલવાર રોકી લેવાનો અને તેમને જતા રહેવાનો મોકો આપવાનો હુકમ એટલા માટે આપ્યો કે તેઓ આપના વિરૂધ્ધ લડવા માટે મદદગાર બોલાવવા જઈ રહ્યા નહોતા.

પરંતુ સિફ્ફિનના લોકો નાસી નાસી જઈને પોતાના સરદારની પાસે જતા હતા. તે તેમને હથિયારો આપતો, તેમને ફરીથી જંગ લડવા તત્પર કરતો, ઈનામ અને ઈકરામ આપતો પછી તેમના જખમોની પાટાપિંડી કરીને તેમને જંગ માટે કાબિલ બનાવતો, પ્યાદાઓને માલ આપતો, સવારોને પોષાક આપતો અને તે લોકો ફરીથી પાછા ફરીને જંગમાં આવતા હતા.

જમલવાળાઓના માટે બસરાના લોકોને એવો હુકમ હતો કે તેમના ઉપર તલવાર ન ચલાવો એટલા માટે કે તેમણે હથિયાર મૂકી દીધાં હતાં તે લોકો કોઈ ટોળા પાસે મદદ માટે જઈ રહ્યા નહોતા અને સિફ્ફિનવાળાઓ માટે તો એવો હુકમ હતો કે તેમનામાંથી નાસી જનારાઓનો પણ પીછો કરો. તેમના ઘાયલોને પણ ન છોડો. અહલે બસરા અને અહલે સિફ્ફિન બન્ને એક સરખા નહોતા કે એ બન્ને માટેનો હુકમ એક હોય.

હકીકત એ છે કે અગર જનાબે અમીરુલ મોમિનીન (અ.)એ અહલે જમલ અને અહલે સિફ્ફિનના માટે જુદા જુદા ફેંસલા ન કર્યા હોત તો નાફરમાન અહલે તોહીદના ટોળાની સાથે કેવી રીતે જંગ કરત !

(૧૩) એક માણસે આપ (અ.)ની સામે આવીને લિવાતા (ગુદામૈથુન)નો એકરાર કરીને અરજ કરી કે મને આ ગુનાની સજા આપીને આખેરતના અઝાબથી બચાવી લેવામાં આવે.

જો કે આ ગુનાનો ન તો કોઈ ગવાહ હતો કે ન કોઈ સાક્ષી કે ન તો હુકૂમતે તેને આ અપરાધમાં પકડ્યો હતો.

આપ (અ.)એ ફરમાવ્યું,

"જનાબે રસૂલલ્લાહ (સ.)એ તેની ત્રણ

સજાઓ બતાવી છે. તું બતાવ કે એમાંથી કઈ સજા તને મંજૂર છે ?"

તેણે પૂછ્યું,

"તેમાંથી સૌથી આકરી સજા કઈ છે ?"

આપ (અ.)એ ફરમાવ્યું,

"આગમાં જલાવી દેવાની."

તેણે કહ્યું,

"મને મંજૂર છે, એ જ સજા મારા ઉપર ફરમાવો."

આથી ખાડો ખોદવામાં આવ્યો. તેમાં આગ રોશન કરવામાં આવી. આ બાજુ તેણે બે રકાત નમાઝ પઢી. દુઆ માટે હાથ ઊંચા કર્યા અને રડવાનું શરૂ કર્યું. એટલું બધું રડ્યો કે તેને રડતો જોઈને અમીરુલ મોમિનીન (અ.) પણ રડવા લાગ્યા અને આખો મજમો રડી પડ્યો.

જનાબે અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું,

"અય માણસ ઊઠ, તેં તો આકાશ અને જમીનના ફરિશ્તાઓને પણ રડાવી દીધા. જા, અલ્લાહે તારી તૌબા કબૂલ ફરમાવી દીધી. હવેથી આવો ગુનો કદી ન કરતો."

સવાલ એવો છે કે જનાબે અમીરુલ મોમિનીન (અ.)એ આ શરઈ સજાને માફ કેવી રીતે કરી દીધી ?

સાંભળો. એ ઈમામ કે જે અલ્લાહ તરફથી મુકર્રર કરવામાં આવેલા છે અગર તેમને શરઈ સજા દેવાનો હક છે તો તેમને માફ કરી દેવાનો પણ હક છે. શું તમે હઝરત સુલયમાન પયગમ્બર માટેનો ખુદાનો આ કોલ નથી સાંભળ્યો કે –

هٰذَا عَطَآؤُنَا فَامۡنُنۡ اَوۡ اَمۡسِكۡ بِغَيۡرِ حِسَابٍ ﴿۳۹﴾

*(આ અમારી બેહિસાબ અતા (બક્ષિસ) હતી હવે તું કોઈને અતા કર અથવા તો રોકી લે.)* (સૂરએ સ્વાદ, આયત–૩૯)

જ્યારે યહ્યા બિન અકસમે આ જવાબોને વાંચ્યા તો મોતવકિકલને ઉદ્દેશીને કહ્યું,

"હું તો એવું ઈચ્છું છું કે હવે તેમને કોઈ મસઅલો પૂછવામાં ન આવે એટલા માટે કે હવે જે મસઅલો હશે તે આ મસઅલાઓથી આસાન જ હશે અને તેમના ઈલ્મના પ્રગટ થવાથી રાફઝીઓને બળ મળશે."

(સંદર્ભ : મનાકિબ (ઉર્દૂ), જિલ્દ–૪, સફા–૪૦૩ થી ૪૦૫) (બિહારૂલ અન્વાર, જિલ્દ–૯,૧૦,૧૧, પેજ–૧૭૫ થી ૧૮૦))


Nature's Low of Cure

**શિફા હોમિયોપેથ ક્લિનીક**

**ડો.અહેમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَجَدْتُّهَا وَ قَوْمَهَا يَسْجُدُوْنَ لِلشَّمْسِ مِنْ دُوْنِ اللّٰهِ وَ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيْلِ فَهُمْ لَا يَهْتَدُوْنَ ۝٢٤

❂ મેં પંડે તેણીને તથા તેણીની કોમને અલ્લાહને મૂકીને સૂર્યને પૂજતાં જોયાં, અને શેતાને તેમના કૃત્યોને (તેમની નજરમાં) શોભા આપી દીધી છે અને તેમને તેણે સન્માર્ગથી ભમાવી દીધાં છે; જેથી તેમને સન્માર્ગ મળતો નથી. (પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૪)

---

اَلَّا يَسْجُدُوْا لِلّٰهِ الَّذِيْ يُخْرِجُ الْخَبْءَ فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ يَعْلَمُ مَا تُخْفُوْنَ وَ مَا تُعْلِنُوْنَ ۝٢٥

❂ (આ અજબ જેવું છે કે) તેઓ અલ્લાહને (શા માટે) સિજદો કરતા નથી કે જે આકાશો તથા પૃથ્વીની અદ્રશ્ય વસ્તુઓ પ્રગટ કરે છે, અને તમે (લોકો) જે કાંઈ સંતાડો છો તથા જે કાંઈ તમે જાહેર કરો છો તે (સઘળું) તે જાણે છે.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૫)

---

اِذْهَبْ بِّكِتٰبِيْ هٰذَا فَاَلْقِهْ اِلَيْهِمْ ثُمَّ تَوَلَّ عَنْهُمْ فَانْظُرْ مَاذَا يَرْجِعُوْنَ ۝٢٨

❂ મારો આ પત્ર લઈ જા અને તેને તેમની તરફ નાખી દે, પછી જરા બાજુએ ખસીને જોજે કે તેઓ શો (જવાબ) વાળે છે.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૮)

---

قَالَتْ يٰۤاَيُّهَا الْمَلَؤُا اِنِّيْۤ اُلْقِيَ اِلَيَّ كِتٰبٌ

❂ (આ હુકમ મુજબ પત્ર નાખતાં બિલ્કીસ) બોલી ઊઠી, હે મારા દરબારીઓ !

| | |
|---|---|
| كَرِيۡمٌ ﴿۲۹﴾ | નિ:સંશય મારી તરફ એક માનવંત પત્ર ફેંકવામાં આવ્યો છે.<br>(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૯) |
| اِنَّهٗ مِنۡ سُلَيۡمٰنَ وَ اِنَّهٗ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ﴿۳۰﴾ | ❂ બેશક તે સુલયમાન તરફથી આવેલો છે, અને તે(ના આરંભ)માં બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ લખ્યું છે (અને તે બાદ લખ્યું છે કે); (પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૩૦) |
| اَلَّا تَعۡلُوۡا عَلَىَّ وَاۡتُوۡنِىۡ مُسۡلِمِيۡنَ ﴿۳۱﴾ | ❂ મારી સામે શીરજોરી કરો નહીં અને મારી પાસે મુસલમાન બનીને ચાલ્યા આવો.<br>(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૩૧) |
| قَالَ يٰۤاَيُّهَا الۡمَلَؤُا اَيُّكُمۡ يَاۡتِيۡنِىۡ بِعَرۡشِهَا قَبۡلَ اَنۡ يَّاۡتُوۡنِىۡ مُسۡلِمِيۡنَ ﴿۳۸﴾ | ❂ (તે બાદ પુન:) ફરમાવ્યું, હે દરબારીઓ! તમારામાંથી કોણ એવું છે કે જે – (તેની કોમના લોકો) મારી પાસે આજ્ઞાધીન બનીને હાજર થાય તે પહેલાં (બિલ્કીસ)નું સિંહાસન લઈ આવીને હાજર કરે ?<br>(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૩૮) |
| قَالَ عِفۡرِيۡتٌ مِّنَ الۡجِنِّ اَنَا اٰتِيۡكَ بِهٖ قَبۡلَ اَنۡ تَقُوۡمَ مِنۡ مَّقَامِكَ ۚ وَ اِنِّىۡ عَلَيۡهِ لَقَوِىٌّ اَمِيۡنٌ ﴿۳۹﴾ | ❂ (આ સાંભળીને) જિન્નાતોમાંથી એક રાક્ષસ બોલ્યો કે તું તારા સ્થાનેથી ઊઠે (અર્થાત્ દરબાર બરખાસ્ત થાય) તે પહેલાં હું તારી પાસે લઈ આવીશ, અને તે (કામ) માટે હું નિ:સંશય સમર્થ અને વિશ્વાસપાત્ર છું.<br>(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૩૯) |

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭

## ૨૩ મસ્જિદો વિષે

...وَاَقِيْمُوْا وُجُوْهَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّ ادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ...ۚ

*(અને (એ પણ ફરમાવ્યું છે) કે દરેક નમાઝના સમયે પોતાના ચહેરાને (કિબ્લા ની તરફ) કરી લો અને તેના માટે નિખાલસ ઈબાદત કરીને તેનાથી દુઆ માગો.)*

(સૂરએ એઅ્રાફ, આયત ૩૦)

(૩૨૭) અલ્લાહે ફરમાવ્યું, "હે લોકો ! જમીન ઉપરની મસ્જિદો મારાં ઘર છે કે જે આકાશવાળાઓને એ રીતે ચમકતાં દેખાય છે કે જેવી રીતે ચમકતા તારા જમીનવાળાઓને દેખાય છે.

(૧) સદા સુખી રહે એ લોકો કે જેઓ મસ્જિદોને પોતાનું ઘર માને છે.

(૨) સદા સુખી રહે એ લોકો કે જેઓ પોતાના ઘરમાં પાક થઈને મારા ઘરમાં આવ્યા.

(૩) જેની મુલાકાત કરવામાં આવે તેના પર ફરજ છે કે મુલાકાતીને માન આપે.

(૪) તે લોકો માટે ખુશખબરી છે કે જે રાતના અંધારામાં મસ્જિદો તરફ ચાલે છે કયામતના દિવસે તેમને ચમકતું નૂર એનાયત કરવામાં આવશે.

(જવાહિર મિનબા, સફા–૧૧૨)

(૩૨૮) જે બંદો ગુરૂવારના દિવસે એટલે કે શુક્રવારની રાત્રે મસ્જિદની સફાઈ કરે અને જો એટલો કચરો મસ્જિદની બહાર કાઢે કે જેટલો સૂરમો આંખમાં આંજવામાં આવે છે તો પણ અલ્લાહ તે બંદાની મગ્ફેરત કરશે.

(રૌઝતુલ વાએઝીન, સફા–૩૩૬)

(૩૨૯) જે બંદો અલ્લાહની મસ્જિદોમાંથી કોઈ મસ્જિદમાં દીવો સળગાવશે તો અર્શવાળા અને તમામ ફરિશ્તા એ બંદા માટે ત્યાં સુધી મગ્ફેરતની દુઆ કરશે કે જ્યાં સુધી તે દીવાનો પ્રકાશ મસ્જિદમાં હશે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૨૬૪)

(૩૩૦) જે બંદાની વાતો ફક્ત કુરાન વિષે હોય અને મસ્જિદ તેનું ઘર હોય તો અલ્લાહ તે બંદા માટે જન્નતમાં એક ઘર બનાવશે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૨૬૦)

(૩૩૧) જે બંદો મસ્જિદોમાં આવવા જવાનું રાખશે તેને આઠ લાભોમાંથી એક મળશે. એક ભાઈ મળશે કે જે અલ્લાહની રાહમાં ફાયદો પહોંચાડશે. કોઈ એવું

ઈલ્મ શીખશે કે જે આધુનિક હશે. કોઈ એવી વાત સાંભળવા મળશે કે જે તેને સિરાતે મુસ્તકીમ બતાવશે. એવી વાત સાંભળવા મળશે કે જે તેને વિનાશથી બચાવશે. અલ્લાહની રહમત તેની રાહ જોશે અલ્લાહની શરમને કારણે ગુનાનો ત્યાગ કરશે અલ્લાહના ડરના કારણે ગુનાનો ત્યાગ કરશે.

(ખિસાલે સદૂક, બાબુલ ઈમાનીયા, હદીસ–૮)

(૩૩૨) જે બંદો મસ્જિદમાં હોય અને કોઈ અવાજ સાંભળીને પાછા ન ફરવાના ઈરાદે મસ્જિદ છોડીને જતો રહે તો તે મુનાફિક છે.

(રૌઝતુલ વાએઝીન, સફા–૩૩૭)

(૩૩૩) જે બંદો કોઈ મસ્જિદનો પાયો અલ્લાહનો ઝિકર થાય એ આશયથી નાખે તો તેના માટે જન્નતમાં એક ઘર બનાવવામાં આવશે.

(રૌઝતુલ વાએઝીન, સફા–૩૩૭)

(૩૩૪) જ્યારે કોઈ બંદો મસ્જિદમાં દાખલ થઈને 'આઉઝોબિલ્લાહે મિનશ્શયતાનિર રજીમ' કહે છે તો શયતાન કહે છે, "હાય મારી કમર તૂટી ગઈ" અને તે બંદાના અમલમાં એક વર્ષની ઈબાદતનો સવાબ લખવામાં આવશે અને જો તે મસ્જિદમાંથી નીકળતી વખતે એવું જ કહે છે તો અલ્લાહ તેના શરીરના પ્રત્યેક વાળ સામે સો નેકીઓ લખવાનો હુકમ આપે છે અને તેને એકસો ઉચ્ચ દરજ્જા આપવામાં આવે છે.


(જામેઉલ અખબાર, સફા–૮૧)

(૩૩૫) જે બંદો મસ્જિદોમાંથી કોઈ મસ્જિદની તરફ ચાલે તો તેના પાછા ફરવા સુધી તેણે ઉપાડેલા દરેક પગલા સામે દસ નેકીઓ લખવામાં આવે છે અને દસ ગુના માફ કરવામાં આવે છે અને તેના દસ દરજ્જા વધારવામાં આવે છે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૨૬૧)

(૩૩૬) મસ્જિદો આખેરતના બજારોમાંથી એક બજાર છે કે જ્યાંની યજમાની મગ્ફેરત અને તેની સોગાદ જન્નત છે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૩૪૫)



મો.રહેમતફાતેમા ગુલામમહંમદ સુથાર (રામોલ)


86.40% (B.Ed.)

**ગડમથલ નં.૨૪૮નો ઉકેલ**

<u>આડી ચાવીઓ :</u> (૧) દીનિયાત (૩) તારીખ (૬) તાક (૭)લશ્કર (૮) નસીહત (૧૧) નામ (૧૩) બાત (૧૪) સાહિલ (૧૬) મરીઝ (૧૮) રકીબ (૨૦) બરી (૨૩) રકૂઅત (૨૫) તેઝ (૨૭) આલ (૨૮) સકર (૩૧) મખ્લૂક (૩૨) બરકત <u>ઊભી ચાવીઓ :</u> (૧) દીવાર (૨) યાસીન (૩) તાકત (૪) ખલલ (૫) હરકત (૬) તાહમ (૯) સીના (૧૦) તાહિર (૧૨) ગરીબ (૧૫) લકીર (૧૭) ઝરીહ (૧૯) બકવાસ (૨૧) રહલત (૨૨) ઈંતેઝામ (૨૪) અખ્લાક (૨૬) યા (૨૯) રબ (૩૦) શક

# ગ ડ મ થ લ ૨૫૦

:::::: સંપાદક::::::
મો.અકબરઅલી અબ્બાસભાઈ
મસી (ઈલોલ તલાવ)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) દીન સંબંધી જ્ઞાન (આપતું પુસ્તક) (૪)
(૩) ઈતિહાસ, તવારિખ (૩)
(૬) ગોખલો, મહેરાબ (૨)
(૭) સૈન્ય, સેના (૩)
(૮) શિખામણ, બોધપાઠ (૪)
(૧૧) વ્યકિત એનાથી ઓળખાય (૨)
(૧૩) વાત, બાબત, ચર્ચા (૨)
(૧૪) (સમુદ્રનો) કિનારો (૩)
(૧૬) રોગી, દર્દી (૩)
(૧૮) જમણા ખભામાં વ્યકિતના આમાલની નોંધ રાખનાર ફરિશ્તો (૩)
(૨૦) મુકત, આઝાદ (૨)
(૨૩) નમાઝમાં કયામ, રૂકૂઅ, સજદા, વગેરેનો એક એકમ (૪)
(૨૫) ધારદાર, તીક્ષ્ણ, ઝડપી (૨)
(૨૭) વંશજ, ઓલાદ (૨)
(૨૮) જહન્નમ, દોઝખ (૩)
(૩૧) સર્જનો, અલ્લાહ તઆલાએ પેદા કરેલ સજીવસૃષ્ટિ, દુનિયા (૩)
(૩૨) વધારો, વૃધ્ધિ (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) ભીંત, દીવાલ (૩)
(૨) કુરઆનનો એક સૂરો (૩)
(૩) શકિત, બળ (૩)
(૪) વિક્ષેપ, અવરોધ (૩)
(૫) હલનચલન, ગતિ (૪)
(૬) તો પણ, તથાપિ (૩)
(૯) છાતી, વૃક્ષસ્થળ (૨)
(૧૦) પવિત્ર, પાક (૩)
(૧૨) વતનથી દૂર, પરદેશી, દરિદ્ર (૩)
(૧૫) લીટી, રેખા, ખત (૩)
(૧૭) સમાધિ, કબર (૩)
(૧૯) બબડાટ, લવારો, બડબડાટ(૪)
(૨૧) વિદાય, કૂચ (૪)
(૨૨) પ્રતિક્ષા, વાટ જોવી તે (૪)
(૨૪) વર્તણુંક, ચાલ ચલગત, શિષ્ટાચાર (૩)
(૨૬) અરબીમાં વ્યકિતના નામ આગળ સંબોધન કરવા વપરાતો શબ્દ (૧)
(૨૯) પાલનહાર (૨)
(૩૦) શંકા, સંદેહ (૨)

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### યુનાની ફિલોસોફર

(ગતાંકનું ચાલુ)

જાબિરે પૂછ્યું, અમને એ વાતમાં કોઈ શંકા નથી કે મોત પછી અમે પોતાને ઓળખીશું અને અમારી અસલીયતને નહીં ખોઈ દઈએ. ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, એ વાતમાં કોઈ શંકા નથી અને દરેક મોમિન મુસલમાન જાણે છે કે મોત પછી અલ્લાહ તઆલા તરફથી નક્કી કરેલા સમયે તે પાછો જીવિત થશે અને પોતાને ઓળખી લેશે. ઈસ્લામે મોત પછીના જીવન વિશે માણસોને પહેલાંના મઝહબો કરતાં વધારે સમજ પાડી છે. મારો સંબંધ મુશરિકોથી નથી કે જેમના આ દુનિયાના જીવન પછીના જીવન વિશેના ડરની વાત મેં તમને અરસ્તૂખુસની ભાષામાં સંભળાવી છે. પરંતુ પહેલાંના કેટલાક તૌહીદી મઝહબોમાં પણ લોકો મોત પછીના જીવન ઉપર પૂરું ઈમાન ધરાવતા ન હતા. તેમનો ડર પણ લગભગ અરસ્તૂખુસના ડર જેવો જ હતો. તેઓ એવું માનતા હતા કે તેઓ મોત પછી સજીવન તો થશે પરંતુ તે બીજા જીવનમાં પોતાને ઓળખી નહીં શકે. તેમના મઝહબમાં જે વાતો બીજી દુનિયાના માણસના જીવન વિશે હતી તેમના વડે તેઓ આ વાત માનવા તૈયાર નહોતા થયા કે તેઓ બીજી દુનિયામાં પોતાની અસલ ઓળખને સુરક્ષિત રાખી શકશે અને એ જીવનની બધી વિશેષતાઓને યાદ રાખી શકશે.

દીને ઈસ્લામે આ મુઝવણને મોમિનોના દિલોમાંથી સદંતર દૂર કરી દીધી અને સ્પષ્ટ રીતે કોઈ પણ અપવાદ વગર કહ્યું કે માણસ મોત પછી જે દિવસે અલ્લાહ તઆલાના હુકમથી સજીવન થશે તો પોતાને સારી રીતે ઓળખી લેશે અને આ દુનિયાની પોતાની બધી વિશેષતાઓને યાદ રાખશે અને આ દુનિયાની જેમ ખાવા, પીવાનો આનંદ માણશે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે ન કેવળ નેક માણસ મોત પછી પોતાને ઓળખશે પરંતુ ગુનેગાર માણસ પણ મોત પછી પોતાને ઓળખી લેશે. જો તેઓ પોતાની અસલીયત ખોઈ બેસે તો કેવી રીતે આ દુનિયાના કાર્યોનો હિસાબ કિતાબ આપી શકે ?

જાબિર બિન હૈયાને પૂછ્યું, શું આપે હમણાં એવું નથી ફરમાવ્યું કે માના પેટમાંથી બાળકનું બહાર આવવું પણ એક પ્રકારનું મોત છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, મેં એવું નથી કહ્યું કે બાળકનું બહાર આવવું મોત છે પરંતુ મેં તો એવું કહ્યું છે કે માના પેટમાંથી બાળકનું બહાર આવવું કદાચ મોતનો એક પ્રકાર હોય. જાબિર બિન હૈયાને પોતાનો વિચાર વ્યક્ત કરતાં કહ્યું, તે સાચી વાત છે કે આપે એવું કહ્યું છે કે કદાચ મોતનો એક પ્રકાર હોય. પરંતુ મારો આશય કંઈક જુદો છે. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, કહો, તમે શું કહેવા માગો છો ?

જાબિરે પોતાનો વિચાર વ્યક્ત કરતાં કહ્યું

કે હું એવું કહેવા માગું છું કે આપ જેમ ફરમાવી રહ્યા હતા તેમ હું માના પેટમાં એક લાંબી મુદ્દત સુધી રહ્યો છું અને કદાચ એ મુદ્દત આ દુનિયાના જીવનમાં માણસના આયુષ્યની બરાબરીમાં હોય પરંતુ હવે મને એ નવ માસ અથવા તેના કરતાં વધારે સમયના જીવન વિશે કોઈ વસ્તુ યાદ નથી. હું જો માના પેટમાં મારા જીવન વિશે અજાણ છું તો શું એ બાબત સાબિત નથી કરતી કે મારા મરી ગયા પછી અને આ દુનિયામાંથી ચાલ્યા ગયા પછી બીજી દુનિયામાં હું પોતાને ઓળખી શકીશ નહીં કે ન એ જાણી શકીશ કે હું એ છું કે જે આજે આપની સાથે વાતો કરી રહ્યો છું ?

ત્યાર પછી જાબિરે આવી રીતે સ્પષ્ટતા કરી, હું મુસલમાન છું માટે અલ્લાહ તઆલાના ફરમાન મુજબ મારું ઈમાન છે કે હું બીજી દુનિયામાં પોતાને ઓળખી લઈશ. પરંતુ મારા કહેવાનો અર્થ એ છે કે આ વિષય ઉપર ફિલોસૉફીના દષ્ટિકોણથી પ્રકાશ ફેંકવામાં આવે અને મારા માના પેટના જીવનથી અજાણ હોવાના કારણે મને કેવી રીતે વિશ્વાસ થાય કે મોત પછી બીજી દુનિયામાં આ દુનિયાને યાદ રાખી શકીશ અને પોતાને ઓળખી શકીશ ?

ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, હું તમને તમારા સવાલના જવાબનું મહત્વ સમજાવું એ પહેલાં તમને કહી દઉં છું કે સરખામણી અને પુરાવામાં ગૂંચવણ પેદા ન કરો કારણ કે પુરાવામાં અને સરખામણીમાં ફેર છે. આવી રીતે કહેવું જોઈએ કે હું માના પેટમાં પોતાના જીવનની પરિસ્થિતિથી અજાણ છું માટે આ વિષયને તેની સાથે સરખાવી શકાય છે કે મોત પછી આ જ દુનિયાના જીવનની પરિસ્થિતિ મને યાદ રહેશે નહીં અને હું પોતાને ઓળખી શકીશ નહીં કારણ કે માના પેટમાં વિતાવેલું જીવન યાદ ન હોવું એ વાતનો પુરાવો નથી કે આ દુનિયાનું જીવન પણ યાદ ન રહે. પરંતુ આ એક સરખામણી છે.

જાબિરે કહ્યું, મને લાગે છે કે હું આ સરખામણીની દષ્ટિએ મોત પછીની દુનિયામાં પોતાને ઓળખી શકીશ નહીં અને આ દુનિયાના જીવનની વિશેષતાઓને યાદ નહીં કરી શકું. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, એ વાત જાણી લો કે કાફિર મઆદનો ઈન્કારી છે એટલા માટે અથવા તો એમ કહીએ કે એક મુસલમાનની જેમ મઆદ પર અકીદો ધરાવતો નથી એટલે તે મોતથી ડરે છે. જ્યારે કે મોત વિશે તેને કોઈ માહિતી નથી અને ખરેખર જો તેને મોત વિશે કોઈ માહિતી ન હોય તો તેણે મોતથી ડરવું જોઈએ નહીં કારણ કે જ્યારે માણસ કોઈ વસ્તુ વિશે જાણકારી ન ધરાવતો હોય તો તેનાથી ડરી શકે તે વાતને બુધ્ધિ સ્વીકારતી નથી.

જાબિરે કહ્યું, આપ એમ નથી વિચારતા કે કાફિર એટલા માટે મોતથી ડરે છે કે તે એવું વિચારે છે કે તે આ દુનિયાની ખુશીઓને ગુમાવી દેશે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, હું એ જ કહેવા માગું છું કે કાફિરને ડર હોય છે કે મોતના પરિણામ સ્વરૂપ તે આ દુનિયાની ખુશીઓને ખોઈ બેસશે. પરંતુ મુસલમાન એટલા માટે ડરતો નથી કારણ કે તેને ખબર હોય છે કે આ દુનિયાની ખુશીઓ કરતાં ઘણી વધારે ખુશીઓ બીજી દુનિયામાં તેની રાહ જોઈ રહી છે. આ દુનિયામાં તેની ખુશીઓના તબક્કા સીમિત છે જ્યારે કે બીજી દુનિયામાં તેની ખુશીઓ અસીમ છે.

બુધ્ધિની દષ્ટિએ કાફિરે મોતથી ડરવું જોઈએ નહીં કારણ કે તે મોત પછીના જીવનથી અજાણ્યો છે. પરંતુ તે પોતાની બુધ્ધિને કામમાં લાવતો નથી અને પોતાની કલ્પના કે જેને તે પોતે જન્મ આપે છે, તેના વડે તે મોત પછીના જીવનને પણ સમજવાની કોશિશ કરી શકે છે. આ કલ્પના કાફિરની દષ્ટિમાં અજાણ વસ્તુઓને એક ભયંકર

સ્વરૂપ આપી દે છે અને તેમ છતાંય કાફિર માને છે કે તે શરૂઆતમાં આ દુનિયામાં ન હતો અને માના પેટમાંથી આ દુનિયામાં આવ્યો અને જો તે આ દુનિયામાંથી ચાલ્યો જશે તો કદાચ એવું થાય કે તે કોઈ અન્ય માના પેટમાંથી જન્મ લે તો પણ તે મોતથી ડરતો રહે છે.

આ વાત જે હું કહી રહ્યો છું તે તમને કોઈ કાફિરની દ્રષ્ટિથી બતાવી રહ્યો છું, કોઈ મોમિનની દ્રષ્ટિથી નહીં કે જે મઆદ પર ઈમાન ધરાવતો હોય અને મોત માટે તૈયાર રહેતો હોય. ઉદાહરણ આપવામાં કોઈ વાંધો નથી અને હું ઉદાહરણ આપી રહ્યો છું કે જો કાફિર જાણતો હોત કે તેનું જીવન મોતથી શરૂ થાય છે અને તે માના પેટ તરફ જઈ રહ્યો છે અને તેનું ભવિષ્ય એ છે કે જીવનના અંતે અન્ય માના પેટમાં જશે તો તે માના પેટમાં પાછા જવાથી ડરશે જેવી રીતે કે તે આજે મોતથી ડરે છે અને માના પેટથી તે અજાણ્યો છે તેના કારણે તે તેનાથી ડરતો થઈ જશે. પરંતુ તમારા સવાલનો જવાબ એ છે કે શું ક્યારેય આવું બન્યું ખરું છે કે તમે બેભાન થઈ ગયા હો? જાબિરે થોડી વાર વિચારીને કહ્યું કે મારી સાથે આવું ક્યારેય બન્યું નથી.

ઈમામ જાફર સાદિક(અ.)એ સવાલ કર્યો, શું તમે સપનાં જુઓ છો ? જાબિરે કહ્યું કે ઘણાં બધાં સપનાં જોઉં છું. ઈમામ જાફર સાદિક(અ.) એ વિચાર વ્યક્ત કર્યો કે સપનામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જાઓ છો ખરા ? જાબિરે કહ્યું કે આવું તો ઘણી વખત બન્યું છે. ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, એક જગ્યાએથી બીજી જગ્યાએ કોની સાથે જાઓ છો ? કારણ કે તમને ખબર છે કે સપનામાં તમે રસ્તો કાપતા નથી. જાબિરે કહ્યું, હું પોતાની રૂહની સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાઉં છું. ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, તે તમારી પોતાની રૂહ છે, કોઈ બીજાની નહીં, શું એમાં તમારું ઈમાન છે ? જાબિરે કહ્યું, આ વિશે મને કોઈ શંકા નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, શું આ રૂહ કે જે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે તે તમારાથી ક્યારે ય જુદી પડે છે કે નહીં ?

જાબિરે જવાબ આપ્યો, મારાથી જુદી પડે છે કારણ કે જો મારાથી જુદી ન પડત તો ક્યારેય એક જગ્યાએથી બીજી જગ્યાએ ન જઈ શકત. ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, શું તમારી રૂહ કે જે તમારાથી જુદી પડે છે અને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે તે ખોરાક લે છે ખરી ? જાબિરે કહ્યું કે હા. ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું, શું પાણી પીએ છે ? જાબિરે કહ્યું કે હા. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, જે સમયે તમારી રૂહ ખાવા-પીવામાં વ્યસ્ત હોય છે ત્યારે શું તમારા મોઢાથી ખાય છે ? જાબિરે કહ્યું કે ના, કારણ કે મારું મોઢું સપનામાં હલનચલન કરતું નથી. (ક્રમશઃ)

**Mo. 96 879 12192**
**(હૈદરપુરાવાળા)**

divine aashish

**ડીવાઇન આશિષ**
**ઇલેક્ટ્રીક સ્ટોર**

દુ.નં.૪, હિંમત વિલા એસ્ટેટ, સંતોકબા હોલની સામે, રાજમહેલ રોડ, પાટણ.

# જનાબે ફાતેમા ઝહરા (સ.)ની તસ્બીહ

**લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

لَقَدۡ کَانَ لَکُمۡ فِیۡ رَسُوۡلِ اللّٰہِ اُسۡوَۃٌ حَسَنَۃٌ لِّمَنۡ کَانَ یَرۡجُوا اللّٰہَ وَ الۡیَوۡمَ الۡاٰخِرَ وَ ذَکَرَ اللّٰہَ کَثِیۡرًا ﴿۲۱﴾

*(અલ્લાહના રસૂલ(સ.)નું વ્યકિતત્વ તમારા, અને જે લોકો અલ્લાહ અને કયામતના દિવસ તરફ મીટ માંડીને બેઠા છે તેમના, માટે ઉત્તમ ઉદાહરણરૂપ છે. આવા લોકો અલ્લાહની ઘણા પ્રમાણમાં યાદ કરતા રહે છે.)*

(સૂરએ અહ્ઝાબ, આયત–૨૧)

ઉપરોકત આયતમાં સ્પષ્ટ હિદાયત સમાયેલી છે. અલ્લાહ મોમિનોને સ્પષ્ટ સંદેશ આપે છે કે રસૂલલ્લાહ (સ.)ની સંપૂર્ણ સીરત અને જીવનશૈલી મોમિનો માટે હિદાયત છે. આ આયતના અંતમાં જણાવવામાં આવ્યું છે કે કયામતના દિવસ પર ઈમાન ધરાવનાર અને અલ્લાહની મુલાકાતની આતૂરતાપૂર્વક રાહ જોનાર મોમિનો અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ કરતા રહે છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બંદાની ધોરી નસથી વધારે તેની નિકટ રહેનાર રબ્બે ઝુલજલાલને યાદ કરતા રહેવાની યોગ્ય રીત કઈ છે ? આ પ્રશ્નનો જવાબ ફકત અને ફકત રસૂલલ્લાહ (સ.) અને તેમની પાક અને પવિત્ર અહલેબૈતની સીરત ઉપરથી જ મળે છે.

રસૂલ (સ.)એ અલ્લાહની સતત યાદ કરતા રહેવા માટે એક તસ્બીહનું સૂચન કર્યું છે. આ તસ્બીહ બંદાઓને તેમનાં દુન્યવી કામો કરતા રહેવામાં પણ બાધારૂપ નથી. તે હકીકત સ્પષ્ટ છે કે દુનિયાનાં રોજિંદા કામોને કારણે સતત નમાઝો પઢતા રહેવું શકય નથી. આ સંજોગોમાં અલ્લાહના રસૂલ (સ.)એ અલ્લાહ તરફથી મળેલી વહી અનુસાર મોમિનોને આ તસ્બીહ બતાવી છે કે જેમાં–

- ૩૪ વખત અલ્લાહો અકબર,
- ૩૩ વખત અલ્હમ્દોલિલ્લાહ,
- ૩૩ વખત સુબ્હાનલ્લાહનો સમાવેશ થાય છે.

આ સુંદર અને સચોટ ઝિક્રને રસૂલ(સ.) પોતાની સૌથી નિકટની અને એકની એક દીકરી કે જેની પવિત્રતાનો સમગ્ર દુનિયાની ઓરતોમાં કોઈ જોટો નથી અને આયતે તત્હીરમાં અને આયતે મુબાહિલામાં ખુદ અલ્લાહે તેમની પવિત્રતા અને સચ્ચાઈની ગવાહી આપી છે, તેમના નામ સાથે સાંકળી લીધો છે. જે ઝિક્રને જન્નતની ઓરતોના સરદારના નામથી

સાંકળી લેવામાં આવે તે ઝિક્રને પઢતા રહેવાનું મહત્વ કેટલું હશે તે સમજી શકાય છે. આ જ કારણે ઈસ્લામના દરેક ફિરકાના આલિમોએ આ તસ્બીહના મહત્વનો સ્વીકાર કર્યો છે.

રસૂલલ્લાહ (સ.)ના અલ્લાહ તરફથી નિમાયેલા સાચા વારસદારોના સિલસિલામાં આવતા છઠ્ઠા ક્રમના ઈમામ જાફર સાદિક (અ.) કહે છે કે "દરરોજની એક હજાર રકાત નમાઝ પઢવા કરતાં ફાતેમા ઝહરા (સ.)ની તસ્બીહ પઢવામાં વ્યસ્ત રહેવું વધારે સારૂં છે."

મોમિનો નિયમિત રીતે ફરજ નમાઝ પઢયા પછી આ તસ્બીહ અવશ્ય પઢે છે અને જ્યારે સમય મળે છે ત્યારે પણ પઢયા કરે છે ખાસ કરીને સૂતાં પહેલાં રાત્રે પઢે છે.

અલ્લાહે જનાબે ફાતેમા ઝહરા (સ.)ને કુરાનમાં કૌસર તરીકે બિરદાવ્યાં છે કે જેનો અર્થ બરકતનું ઝરણું થાય છે. આ જ કારણે અલ્લાહે રસૂલલ્લાહ (સ.)ની પાક ઓલાદ તરીકે ખાતૂને જન્નત (સ.)ની ઓલાદને જ ગણી છે. આમ આ નસલ આજ દિન સુધી કાયમ છે જ્યારે કે રસૂલ (સ.)ની ઠેકડી ઉડાડનારાઓનો વંશવેલો નાબૂદ થઈ ગયો છે.

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૩૮**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قَالَ رَبِّ انْصُرْنِيْ عَلَى الْقَوْمِ الْمُفْسِدِيْنَ ۝٣٠

(પારો–૨૦, સૂરએ અન્કબૂત, આયત–૩૦)

અર્થ : અય મારા પરવરદિગાર ! આ ફસાદખોરો વિરૂધ્ધ મારી સહાય કર.




મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

મંઝર ચશ્માઘર

Manzar Optical

નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.

# મજલિસ : ન્યાય વિષે ૨

પ્રસ્તુતકર્તા : મોલ્વી મો.મોહસિનઅલી મોહંમદભાઈ આસુંદ (કેસીમ્પા)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે :

(સૂરએ નિસા, આયત-૫૮)

وَاِذَا حَكَمْتُمْ بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ

*(અને જ્યારે લોકોના મામલાઓમાં ફેંસલો આપો ત્યારે અદાલતને અનુસરીને ફેંસલો આપો.)*

વળી અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ન્યાય કરવા વિષે ફરમાવે છે :

સૂરએ નહલ, આયત-૯૦

اِنَّ اللّٰهَ يَاْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ

*(અને અલ્લાહ ન્યાય અને ઉપકાર કરવાનો આદેશ આપે છે.)*

બિરાદરાને મોમિનીન ! અલ્લાહ તઆલા ન્યાય કરવા બાબતે ખૂબ તાકીદી ફરમાન કરે છે કે કોઈ પણ સંજોગોમાં ન્યાય તો થવો જ જોઈએ. હવે ન્યાયની વાત આવે છે ત્યારે સહજ રીતે આપણી નજર ઘરના તેમજ સમાજના અલગ અલગ હોદ્દેદારો તરફ જશે અથવા એ તમામ હોદ્દેદારો ઉપર જાય છે કે જેમના ઉપર આપણે એવો ભરોસો કરતા આવ્યા છીએ કે એ જરૂર ન્યાયથી જ બધાથી વર્તશે અને એ કામ માટે આપણે જ તેમને પસંદ કર્યા છે.

હવે જો આપણે ન્યાય કરવાવાળા હોઈએ તો હંમેશાં ધ્યાન રાખવું પડશે કે લોકો આપણાથી અથવા આપણે કરેલા ન્યાયથી સંતુષ્ટ છે કે નહીં અને સૌથી મહત્વની વાત ન્યાય કરવામાં તે છે કે જે ન્યાય કરવામાં આવ્યો છે તે મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની સીરત પ્રમાણે છે કે નહીં ? કારણ કે ન્યાય કરનારની પણ એક ઓળખ છે કે તે કેવો હોવો જોઈએ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "હુકૂમત કરવાથી સાવધાન રહો કારણ કે હુકૂમત તેવા નેતા માટે છે કે જે ન્યાયનો જાણકાર હોય. ઉમ્મત દરમ્યાન ન્યાયી હોય તેમજ રસૂલ (સ.) અને તેમના વારસદાર પ્રત્યે પણ ન્યાયી હોય." (અલ કાફી)

એક અન્ય હદીસમાં હઝરત અલી (અ.) ફરમાવે છે કે, "કોલ કરારની જવાબદારી તેમને સોંપો કે જેઓ ખીલાની જેમ મજબૂત અને અતૂટ હોય. (નહજુલ બલાગા, ખુત્બો-૧૫૫)

એટલે કે ન્યાય કરવા માટે જે માણસોને પસંદ કરવામાં આવે તે માણસો પહેલાંથી જ ન્યાયી હોવા જોઈએ અને લોકો વચ્ચે સત્ય બોલી શકે તેવા હોવા જોઈએ અને ન્યાય ઉપર અડગતાથી રહી શકે તેવા હોવા જોઈએ. એમનો ન્યાય, ગરીબ હોય કે અમીર, મોટા કુટુંબવાળો હોય કે નાના કુટુંબવાળો, બે માણસો વચ્ચેનો હોય કે પછી સો માણસો વચ્ચેનો હોય, આ તમામ હાલતમાં ન્યાય બરોબર હોવો જોઈએ અને તેને ન્યાય કરવાની પણ ખબર પડવી જોઈએ. તે ન્યાય કરવાની સૂઝબૂઝ ધરાવતો હોવો જોઈએ.

ન્યાય કરનારાઓ વિષે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "ન્યાયાધીશો ચાર પ્રકારના હોય છે, ત્રણ જહન્નમી અને એક જન્નતી છે. એ વ્યકિત કે જે જાણીબૂઝીને ખોટો ચુકાદો આપે છે તે જહન્નમી છે. એ વ્યકિત કે જે અજાણતામાં ખોટો ચુકાદો આપે છે તે જહન્નમી છે. એ વ્યકિત કે જે અજાણતામાં સાચો ચુકાદો આપે છે તે પણ જહન્નમી છે અને એ વ્યકિત કે જે પૂરેપૂરી સભાનતા સાથે સાચો ચુકાદો આપે છે તે જન્નતી છે."

ઈમામના આ અણમોલ શબ્દોથી આપણને સમજાય છે કે ન્યાય કરનાર કેવો હોવો જોઈએ. દરેકના મનને શાંતિ પહોંચે તેવો ન્યાય હોવો જોઈએ. ચુકાદો આપ્યા પછી પણ આપણને ભાન હોવું જોઈએ કે આપણે આપેલો ચુકાદો બિલકુલ સાચો જ છે, એવું નહીં કે બધાને ગમ્યું છે એટલે તે સાચો હશે જ.

હવે જે સાચી રીતે ન્યાય કરે છે તેનો મરતબો કેટલો છે તે પણ જાણી લઈએ.

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે, "એક ન્યાય કરવો ૭૦ વર્ષની એવી ઈબાદત કરતાં બહેતર છે કે જેના દિવસોમાં રોઝા રાખવામાં આવ્યા હોય અને જેની રાત્રીઓ ઈબાદતોમાં વિતાવી હોય."

અન્ય એક હદીસમાં છે કે, "ન્યાયી બાદશાહ હિસાબ વિના બેહિશ્તમાં દાખલ થશે."

હોદ્દા પર રહેલો ઈન્સાન જે ન્યાય કરે છે તે કેટલો દરજ્જો ધરાવે છે તેના વિષે હઝરત અલી (અ.)એ એક ખુત્બામાં આવી રીતે ફરમાવ્યું છે :

આપ (અ.)ને પૂછવામાં આવ્યું કે ઈન્સાફ અને સખાવતમાં વધારે સારો સદ્‌ગુણ કયો છે ? તો ફરમાવ્યું કે, "ઈન્સાફ દરેક વસ્તુને તેના સ્થાન પર રાખે છે અને સખાવત તેને તેના સ્થાનથી બહાર કાઢી દે છે. ઈન્સાફ બધાની વ્યવસ્થા કરે છે અને સખાવત માત્ર એને જ કામ આવે છે કે જેની સાથે ભળી જાય એટલે ઈન્સાફ હર હાલમાં શ્રેષ્ઠ અને ઊંચો છે."

(નહજુલ બલાગા, ખુત્બો-૪૩૭)

લખવામાં આવ્યું છે કે એક બાદશાહને ખાના-એ-ખુદાનો તવાફ઼ કરવાનો શોખ પેદા થયો. તેણે સફ઼રની તૈયારી કરવાનો હુકમ આપ્યો. બાદશાહ ઠાઠમાઠ અને દબદબાથી સફ઼રે જવા માગતો હતો, પણ વજીરો અને અમીર ઉમરાવોની માન્યતા હતી કે આટલો બધો સરસમાન એકઠો કરવો શકય નથી. વળી, એક બીજી પણ મુશ્કેલી એ હતી કે બાદશાહ સલામત સલ્તનત છોડીને લાંબી મુદત માટે બહાર ચાલ્યા જાય તો સલ્તનતમાં ખરાબી થવાનો પણ ખતરો હતો, તેથી રૈયતની હાડમારી વધી જાય. બાદશાહે કહ્યું, "જ્યારે તમે આ વાંધો અને અડચણો બતાવો છો ત્યારે કોઈ એવો માર્ગ બતાવો કે હજનો મહાન સવાબ પામવા હું ભાગ્યશાળી થાઉં અને મારી રૈયતને તકલીફ઼ પણ ન થાય." બધાએ સલાહ આપી કે અમુક આલિમો કે જે વર્ષો સુધી ખાના-એ-કા'બાના મુજાવર રહ્યા છે તે કદાચ પોતાની હજ તમને વેચી દે તો હજનો સવાબ તમને મળે. આથી બાદશાહ જાતે એ આલિમના ઘેર ગયો અને પોતે શું માગે છે તેની જાણ કરી. પેલા આલિમે પોતાની હજનો સવાબ વેચવાની રજામંદી બતાવી એટલે બાદશાહે કિંમત પૂછી. આલિમે કહ્યું, "મેં હજ પર જવા માટે જે કદમ ઉપાડ્યા હતા તેના બદલામાં દુનિયા આપી દે." બાદશાહે કહ્યું, "હું તો દુનિયાના નાનકડા ટુકડા પર રાજ કરું છું, દુનિયા કયાંથી આપી શકું ? એટલે આ સોદો યોગ્ય નથી." પેલા આલિમે કહ્યું, "બાદશાહ સલામત ! તમારે નાઉમેદ થવાની જરૂર નથી. તમે મઝલૂમોની ફ઼રિયાદ સાંભળીને અદાલત અનુસાર તેનો ફેંસલો આપ્યો તેના એક કલાકના સવાબના બદલામાં હું તમારી સાથે ૬૦ વર્ષના સવાબનો સોદો કરવા તૈયાર છું."

બિરાદરાને મોમિનીન ! આ છે ન્યાયની હકીકત કે જેના ઉપર અમલ કરનારને સૌથી વધારે બદલો પણ મળે છે.આવો ન્યાય કરવો ખુદાને પસંદ છે અને ન્યાયના ખિલાફ઼ વર્તવું એ ઈન્સાનના ઉપર કરેલી શયતાનની મહેનત સફ઼ળ રહી એવું મનાય. ન્યાય કરવા માટે બેસીએ ત્યારે આપણું સંપૂર્ણ ધ્યાન તેની તરફ઼ જ હોવું જોઈએ અને એનો સંપૂર્ણ બદલો ખુદાથી લેવાનો આગ્રહ રાખવો કારણ કે માણસ જ્યારે પણ કોઈ કામ કરે છે ત્યારે તેનો એક હેતુ હોય છે કે જેને પૂરો કરવા એ સારાંનરસાં કામ કરતો જ રહે છે દા.ત., લોકો એટલા માટે કામ કરે છે કે તેઓ બીજાથી આગળ નીકળી જાય અને લોકો તેમની વાહ વાહ કરે. આપણે આપણી આજુબાજુ જોઈએ છીએ કે કેટલાક લોકો કાર્યો કરવામાં ઘણી બધી મહેનત કરી રહ્યા છે. તે મહેનત પૈસા માટે હોય કે કોઈ અન્ય સ્વાર્થ માટે જો તેમને પૂછવામાં આવે કે તમે આટલી બધી મહેનત શા માટે કરી રહ્યા છો ? તો તેઓ કહેશે કે એટલા માટે કે અમે કંઈ બનીને લોકોને બતાવીએ.

આ વાત ઈસ્લામના ઉસૂલોથી તદ્દન ઊલટી છે. આપણાં બધાં કાર્યો ફ઼ક્ત 'કુર્બતન ઈલલ્લાહ' હોવાં જોઈએ. આપણે જે કંઈ પણ કામ કે મહેનત કરીએ છીએ અને ન્યાય કરવાવાળા જે ન્યાય

કરે છે તેને અલ્લાહની નજદીકી માટેનો ઝરીઓ જ સમજવો જોઈએ કે મારો ખુદા મારા કામને નિહાળી રહ્યો છે પછી ભલે હું હજારોની વચ્ચે બેઠો હોઉં તેમ છતાં મારા ખુદાની નજર મારા ઉપર જ છે, આવું જ સમજવું, તો જ આપણને કરેલા ન્યાયનું પૂરેપૂરું વળતર ખુદાના દરબારમાં મળશે.

**અંતમાં દુઆ માગીએ :**

- અય સૌથી વધારે રહેમ કરનાર અલ્લાહ ! અમને સારા ન્યાયી બંદા બનાવજે.
- અય પાલનહાર ! અમને મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની સીરત ઉપર ચાલનારા બનાવજે. ❂


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**





**S.A.S.**


**Cement Bricks & Block Product**



Size : 9 x 4 x 3

Size : 12 x 8 x 4

**Paver Tiles, Paver Blocks, Cement Bricks & Rubber Blocks**



**Sabirali A. Saleh**
**( Sedrana )**
**Mo.99799 25530**



**Floring Tiles**

**Floring Block**

Sidhpur Sedrana Road, Opp. Rajena Agro, At.Po.Sedrana, Ta.Sidhpur, Dist.Patan - 384151.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

સૂરા નં.૭૮ સૂરએ નબઅ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : બેશક જહન્નમ લાગ જોઈને બેઠી છે. (૨૧)

જે શીરજોર લોકોનું રહેઠાણ હશે. (૨૨)

જેમાં તેઓ યુગોના યુગો રહેશે. (૨૩)

તેમાં તેઓ ન ઠંડક ચાખશે કે ન તો તેમને પીવા માટે પાણી મળશે. (૨૪)

સિવાય કે ઉકળતું પાણી અને પરૂં. (૨૫)

(તેમની માન્યતા અને કરણીનો) આ પૂરેપૂરો બદલો હશે. (૨૬)

ખરે જ તેઓ સિવાય કિતાબની ઉમ્મેદ રાખતા ન હતા. (૨૭)

અને અમારી આયતોને જૂઠલાવતા હતા. (૨૮)

અને જહન્નમ લાગ જોઈને બેઠેલ છે એટલે કાફરોને તે લઈ લેશે અને જહન્નમ શીરજોર લોકોનું રહેઠાણ હશે કે જેમાં તેઓ યુગોના યુગો સુધી રહેશે.

એ જહન્નમીઓને તેમાં ન ઠંડી ચાખવા મળશે કે ન પીવા માટે પાણી મળશે, મતલબ એ કે તેમને જહન્નમમાં કોઈ જાતની રાહત મળશે નહીં.

પણ તેમને ઉકળતું પાણી અને દોઝખમાંથી નીકળતું પરૂં પીવા માટે આપવામાં આવશે.

તે લોકો પોતાના આમાલના પ્રમાણમાં પૂરેપૂરો બદલો પામશે.

એ કાફરો કયામતના દિવસે હિસાબ–કિતાબની આશા રાખતા ન હતા.

તેઓ અમારા નબીઓ અને અમારી કુદરતની નિશાનીઓને જૂઠલાવતા હતા.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : અને અમોએ દરેક વસ્તુ કિતાબમાં નોંધી લીધી છે. (૨૯)

પછી (અમે તેમને કહીશું કે) તમે હવે (અઝાબ) ચાખો, કારણ કે અમે તમારા માટે અઝાબ સિવાય બીજું કંઈ નહીં વધારીએ. (૩૦)

બેશક પરહેઝગારો માટે સફળતા છે. (૩૧)

(અર્થાત્) બગીચા તથા દ્રાક્ષની વાડીઓ. (૩૨)

અને સમાન વયની યુવાન સ્ત્રીઓ. (૩૩)

અને (પીણાંના) છલકતા પ્યાલા. (૩૪)

તેઓ તે (જન્નતો)માં ન કોઈ બેહૂદી વાત સાંભળશે અને ન કોઈ જુઠ્ઠી વાત. (૩૫)

અને અમોએ બંદાના નેક અને બૂરા આમાલને કિતાબમાં નોંધી લીધેલ છે.

એ કયામતને જૂઠલાવનારાઓને અમારા તરફથી ફરિશ્તાઓ કહેશે કે તમો બદલાના દિવસનો અઝાબ ચાખો કારણ કે અમો તમારા માટે અઝાબ સિવાય બીજું કંઈ નહીં વધારીએ. ખરેખર પરહેઝગારો માટે સફળતા છે.

તેઓ માટે ફળોથી ભરપૂર બગીચા અને

દ્રાક્ષની વાડીઓ છે અને તેઓ માટે સમાન વયની યુવાન સ્ત્રીઓ છે અને શરાબથી ભરપૂર છલકતા પ્યાલા છે.

તેઓ જન્નતમાં નકામી અને જૂઠ્ઠી વાતો સાંભળશે નહીં. મતલબ કે દુનિયામાં જેવી રીતે બકવાસ કરે છે એવી કોઈ ચીજ ત્યાં હશે નહીં. ઈબ્ને અબ્બાસે ફરમાવ્યું કે આ સૂરાની ૩૧મી આયતમાં પરહેઝગાર શબ્દ આવ્યો છે તેનાથી મુરાદ હઝરત અલી (અ.) છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : આ તારા રબ તરફનો કરણીના પ્રમાણસરનો નેક બદલો હશે. (૩૬)

(અર્થાત્) આસમાનો અને જમીન અને જે કંઈ તેમની વચ્ચે છે તેના માલિક રહેમાન (ખુદા) તરફથી, જેનાથી તેઓ સંબંધીને બોલવાની સત્તા ધરાવશે નહીં. (૩૭)

જે દિવસે રૂહ (જિબ્રઈલ) તથા (બીજા સઘળા) ફરિશ્તા હારબંધ ઊભા રહેશે તે વેળા કોઈ પણ હરગિઝ વાત કરી શકશે નહીં, સિવાય કે જેને દયાળુ (અલ્લાહ) એ હુકમ આપ્યો હોય અને વળી જે કંઈ બોલશે તે વાજિબી જ બોલશે. (૩૮)

આ તે દિવસ છે (કે જેનું આગમન) સત્ય છે. હવે જે ચાહે તે પોતાના પરવરદિગાર પાસે આશ્રયનું સ્થાન મેળવે. (૩૯)

ખચીત જ અમે તેમને નજીકમાં આવનાર અઝાબથી ડરાવી ચૂકયા છીએ, (તે દિવસના અઝાબથી કે) જે દિવસે માણસની નજરે તે જ પડશે કે જે કંઈ તેના હાથોએ પહેલાં મોકલ્યું છે અને નાસ્તિકો એમ કહેશે કે અફસોસ ! હું આજે માટી હોત તો કેવું સારું થાત ! (૪૦)

પરહેઝગારોને પરવરદિગાર તરફથી વાયદા પ્રમાણે પૂરેપૂરો બદલો અને બક્ષિશ આપવામાં આવનાર છે.

એ આસમાન અને જમીનવાળાઓ તેની સાથે વાત કરવાની શકિત નહીં ધરાવે એટલે કે કોઈ પણ શખ્સ તેની રજા સિવાય તેની સાથે વાત કરી શકશે નહીં એટલે કે તેની રજા વગર પોતાની શફાઅત વિષે કંઈ પણ કહી શકશે નહીં.

આ બધી બાબતો એ દિવસની છે કે જે દિવસે રૂહ–જિબ્રઈલ અથવા મલક હાર બાંધીને ઊભા રહેશે અને શફાઅત વિષે કંઈ પણ વાત કરી શકશે નહીં પણ જેને તે બક્ષનાર ખુદાએ ગુનેગારની શફાઅતની રજા આપી હશે.


હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે ખુદાની કસમ ! કયામતના દિવસે શફાઅત કરવાની અમને રજા મળી છે. અમને એ નેક વાત કરનારા તરીકે રજા મળી છે અને એ નેક વાત કરનારા અમે છીએ. રાવીએ પૂછયું, અય ફરઝંદે રસૂલ ! એ નેક વાત શું હશે ? તો આપ (અ.)એ ફરમાવ્યું કે અમો અમારા રબને તેની બુઝુર્ગી સાથે યાદ કરીશું અને પયગમ્બર (સ.) ઉપર દુરૂદ પઢીશું. અમે અમારા દોસ્તો અને મોહિબ્બોની શફાઅત કરીશું અને ખુદા અમારી શફાઅતને કબૂલ કરશે.

આ તે દિવસ છે કે જેનું આગમન સત્ય છે, જે શખ્સ ચાહે ઈમાન અને ઈતાઅત સાથે પોતાના પરવરદિગાર પાસે આશ્રયનું સ્થાન મેળવે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે અમો તમને નજીકમાં આવનારા અઝાબથી ડરાવી ચૂકયા છીએ. જે દિવસે ઈન્સાન એ ચીજના બદલાને જોશે કે જે આમાલ તેણે આગળ મોકલ્યા છે, કહે છે કે આમાં ઈન્સાન શબ્દ આવ્યો છે તેનાથી મુરાદ કાફિર છે, જ્યારે કેટલાક કહે છે કે તેથી મુરાદ કાફિર અને મોમિન બન્ને છે અને નેક અમલના બદલામાં જન્નત જોશે અને નેક અમલના બદલામાં દોઝખ જોશે, તે વખતે કાફિર એવું કહેશે કે અફસોસ, આજે હું માટી હોત તો કેવું સારું થાત ? *


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

**સંપર્ક**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**



# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

## سلونی قبل ان تفقدونی
## સલૂની કબ્લ અન તફકદૂની

(પૂછો એ પહેલાં કે મને ન પામો.)

અસ્બગ બિન નબાતાથી મરવી છે કે એક દિવસ અમીરુલ મોમિનીન (અ.) એવી રીતે મસ્જિદમાં રવાના થયા કે રસૂલે ખુદા (સ.) ની ચાદર ઓઢીને અમામો માથા ઉપર પહેરીને, પગની અંદર રસૂલે ખુદાનાં પગરખાં પહેરીને અને કમરમાં રસૂલે ખુદા (સ.)ની તલવાર હતી મસ્જિદમાં પહોંચીને હઝરત (અ.) મિમ્બર પર તશરીફ લઈ ગયા અને ફરમાવવા લાગ્યા :

અય લોકો ! સવાલ કરી લો મને એ પહેલાં કે મને ન પામો. આ ઈલ્મથી ભરેલો છે, આ રસૂલલ્લાહ (સ.)ના લુઆબની અસર છે. આ એ જ ઈલ્મ છે કે જેને રસૂલલ્લાહ (સ.)એ મારા સીનામાં ભર્યું હતું. સવાલ કરી લો મને કેમકે મારી પાસે અવ્વલીન અને આખેરીનનું ઈલ્મ છે.

ખુદાની કસમ, અગર મારા માટે મસ્નદ બિછાવી દેવામાં આવે અને હું તેના પર બેસી જાઉં તો તૌરાતવાળાઓના ફેંસલા તૌરાતથી, ઈન્જીલવાળાઓના (ફેંસલા) ઈન્જીલથી, ઝબૂરવાળાઓના ઝબૂરથી અને કુરઆનવાળાઓના કુરઆનથી કરું તો ખુદાની તમામ કિતાબો બોલી ઉઠશે કે જે કંઈ અલ્લાહ તઆલાએ અમારી અંદર નાઝિલ ફરમાવ્યું છે, એમાંથી આપ (અ.)એ જે ફત્વો આપ્યો છે તેની અમે તસ્દીક (સમર્થન) કરીએ છીએ. તમે લોકો રાત–દિવસ કુરઆનની તિલાવત કરો છો, શું તમારામાંથી એક પણ શ્વાસ લેનારો જીવ (અર્થાત્ પ્રાણી કે મનુષ્ય) જાણે છે કે ખુદાએ તેની અંદર શું શું નાઝિલ ફરમાવ્યું છે ? નહિતર કુરઆનની આ આયતથી હું તમને પરિચિત કરી દઉં કે જે કંઈ હતું, જે કંઈ છે અને જે કયામત સુધી બનવાનું છે અને તે આયત આ છે :

"અલ્લાહ જેને ઈચ્છે છે નષ્ટ કરી દે છે અને જેને ઈચ્છે છે તેને કાયમ કરી દે છે અને ઉમ્મુલ કિતાબ તો તેની પાસે છે."

(સૂરએ રઅદ, આયત–૩૯)

ત્યાર પછી ફરમાવ્યું, સવાલ કરી લો મને એ પહેલાં કે મને ન પામો. એની કસમ કે જેણે દાણાને ચીરી નાખ્યો અને રૂહને પેદા કરી. અગર તમે મને આયતોની બાબતમાં સવાલ કરો તો હું બતાવી દઈશ કે કઈ આયત રાતમાં નાઝિલ થઈ અને કઈ દિવસમાં ? કઈ (આયત) મક્કી છે અને કઈ મદની, કઈ સફરમાં નાઝિલ થઈ છે, કઈ હઝર (ઘર)માં, કઈ આયત નાસેખ છે અને કઈ મન્સૂખ, કઈ મોહકમ છે અને કઈ મુતશાબા અને કોની શું તાવીલ છે, શું તન્ઝીલ

છે કે જેની તમને ખબર નથી.

એક માણસ કે જે ખૂબ દૂર હતો, તે ઊભો થયો અને સવાલ કર્યો કે યા અમીરુલ મોમિનીન (અ.) ! મને એ ઈલ્મનું માર્ગદર્શન આપો કે જેના દ્વારા ખુદા મને જહન્નમથી નજાત આપે અને જન્નતમાં દાખલ કરે.

**હઝરત અલી (અ.) :** સાંભળી લો અને સમજી લો પછી યકીન કરો કે દુનિયાનો કયામ (રોકાણ) ત્રણ બાબતોના કારણે છે; આલિમે નાતિક કે જે પોતાના ઈલ્મ પર અમલ કરે બીજો માલદાર કે જે પોતાના માલને દીનવાળા લોકો ઉપર ખર્ચ કરવામાં કંજૂસાઈ ન કરે. ત્રીજો એ ફકીર કે જે સાબિર (સબ્રવાળો) હોય.

અગર આલિમ પોતાના ઈલ્મને છુપાવી દે, પૈસાદાર પોતાના માલમાં કંજૂસાઈ કરે અને ફકીર પોતાની ફકીરાઈ પર સબ્ર ન કરે તો અફસોસ અને વિનાશ થવાનો અને દુનિયા હલાક થઈ જશે અને ઈમાન વગર કુફ્રની તરફ રજૂ થઈ જશે.

અય સવાલ કરનારા ! મસ્જિદોની વધારે સંખ્યા ઉપર મગરૂર ન થતો, કેટલાક લોકોનાં ટોળાં એવાં હોય છે કે તેમનાં શરીર તો એકઠાં થયેલાં હોય છે પરંતુ તેમનાં દિલ વેરવિખેર (ભટકેલાં) હોય છે. જાણી લો કે ખુદાની ખિલ્કતનાં ત્રણ ટોળાં છે : ઝાહિદ, રાગિબ અને સાબિર. ઝાહિદ એ છે કે જે દુનિયાની કોઈ પણ વસ્તુ તેની તરફ આવવાથી ખુશ ન થાય. અને દુનિયાની કોઈ ચીજ જતી રહેવા પર ગમગીન ન થાય. સાબિર એ છે કે જે પોતાના દિલમાં દુનિયાની આરઝૂ કરતો નથી અને જ્યારે હાથ લાગી જાય છે તો તેનાથી નાખુશ નથી હોતો એટલા માટે કે તે તેના અંજામને જાણે છે અને રાગિબ એ છે કે જે દુનિયામાંથી પ્રાપ્ત થતી વસ્તુઓની બાબતમાં હલાલ કે હરામની પરવા નથી કરતો.

**સાઈલ :** યા અમીરુલ મોમિનીન ! આ જમાનામાં મોમિનની કઈ નિશાનીઓ હશે ?

**અમીરુલ મોમિનીન (અ.) :** મોમિનની (નિશાની) એ છે કે અગર તે વલી, ખુદાની નજીક રહેવા ઈચ્છતો હોય અને તેની તરફ નજર કરે તો તેને દોસ્ત બનાવી લે અને અગર દુશ્મને ખુદાની તરફ નજર કરે તો તેનાથી બરાત (છુટકારો) પ્રાપ્ત કરી લે પછી ભલે ને તે નજીકનો રિશ્તેદાર જ કેમ ન હોય.

**સાઈલ :** યા અમીરુલ મોમિનીન (અ.) ! આપે સાચું ફરમાવ્યું.

ત્યાર પછી તે (સાઈલ) ગાયબ થઈ ગયો અને કોઈએ પણ તેને જોયો નહીં. હઝરત (અ.) એ ફરમાવ્યું કે તે ભાઈ ખિઝર (અ.) હતા. (ક્રમશ:)

**રસોઈયો (Cook) જોઈએ છે.**

પીર મશાયખ (રહે.અ.)ના બાવાના રોઝાના સંકુલમાં આવેલી મશાયખ બોયઝ હોસ્ટેલ માટે જૂન–૨૦૧૩થી રસોઈયા મોમિન ભાઈ–બહેનની જરૂર છે. અંદાજે ૬૫ થી ૭૦ વિદ્યાર્થીઓની રસોઈ બનાવી શકે અને અનુભવીને પહેલી પસંદગી આપવામાં આવશે. આ અંગે મક્તબા જાફરીયા ખાતે સંપર્ક કરો.

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે અહઝાબનાં મિત્રદળો સામે જંગ

બની નઝીર સાથેનો જંગ સમાપ્ત થતાંની સાથે જ જંગે અહઝાબનાં મિત્રદળો સામેના જંગની શરૂઆત થઈ. યહૂદીઓની એક જમાઅત કે જેમાં સલામ ઈબ્ને અબી હકીક અલ નઝીરી તથા હઈ બિન અખ્તબ, કનાના બિન રબીઅ અને હૌદા બિન કૈસ અલવાલી અને અબૂ અમ્મારા અલવાલી અને વાલી કબીલાના કેટલાક બીજા માણસો શામેલ હતા. આ બધી જમાઅત મકકા ગઈ. તે લોકોએ ત્યાં અબૂ સુફયાન સાથે મુલાકાત કરી કેમકે યહૂદીઓ જાણતા હતા કે તે પયગમ્બરે ખુદા (સ.)નો ખુલ્લો દુશ્મન હતો. તે રસૂલિલ્લાહ (સ.) સાથે જંગ કરવા હંમેશાં તૈયાર રહેતો હતો. તે લોકોએ તેને બતાવ્યું કે તેમણે (પયગમ્બર (સ.) એ) યહૂદીઓ સાથે કેવો વ્યવહાર કર્યો હતો. તે યહૂદીઓએ તેની પાસે મદદ માટેની દરખાસ્ત કરી કે જેથી જંગ લડવામાં આવે.

અબૂ સુફયાને તેમને કહ્યું,

"હું તમારા લોકોની મદદ કરીશ અને તમે જે કંઈ ઈચ્છતા હશો તે મળશે. તમે લોકો કુરૈશની પાસે જાઓ અને તેમના ઉપર દબાણ કરો કે જંગનું એલાન કરવામાં આવે અને તેમને વિશ્વાસ આપો કે તમે લોકો જંગમાં સરખે ભાગે શરીક રહેશો, ત્યાં સુધી કે તેમને (મુસલમાનોને) જડમૂળથી ઉખેડી નાખવામાં ન આવે."

તે લોકો કુરૈશના સરદારોને મળ્યા અને તેમના ઉપર દબાણ કર્યું કે પયગમ્બરે ખુદા (સ.)ની વિરૂધ્ધ જંગનું એલાન કરવામાં આવે. યહૂદીઓએ તેમને કહ્યું,

"અમારા હાથ તમારા હાથોમાં હશે અને અમે તમારી સાથે હોઈશું એટલે સુધી કે આપણે બધા તેમને ખતમ ન કરી દઈએ."

કુરૈશે જવાબ આપ્યો, "અય યહૂદીઓ ! તમારું ઈમાન અલ્લાહની કિતાબ ઉપર છે કે જે અમારા પહેલાં નાઝિલ થઈ હતી. તમારો અલમ પણ જૂનો છે. તમે જાણતા હશો કે અમારો મઝહબ શું છે. શું અમારો મઝહબ તેમના મઝહબ કરતાં વધારે સારો નથી ? શું તેઓ સાચા રસ્તા પર વધારે છે કે પછી અમે વધારે સારા રસ્તા ઉપર છીએ ?"

આ સાંભળીને તેમણે (યહૂદીઓએ) જવાબ આપ્યો કે, "ખરેખર, તેમના મુકાબલામાં આપનો મઝહબ વધારે સારો છે."

જંગની વાત જ્યારે સાંભળી તો કુરૈશનો ઉત્સાહ વધી ગયો. આ જંગ ભેગા મળીને પયગમ્બર (સ.)ની વિરૂધ્ધ લડવાનો હતો. એ વખતે અબૂ સુફયાન પણ ત્યાં આવી ગયો અને

કુરૈશને સંબોધીને બોલ્યો,

"અલ્લાહે તમને કુવ્વત આપી છે કે પોતાના દુશ્મનનો મુકાબલો કરો અને આ યહૂદીઓ જંગમાં તમારા સહભાગી રહેશે અને આ લોકો તમારો સાથ ત્યાં સુધી નહીં છોડે જ્યાં સુધી કાંતો તે બધા ખતમ થઈ જાય કે કાંતો દુશ્મનને નાબૂદ કરી દે."

એ વખતે તેમનો જોશ પયગમ્બર (સ.)ની સામે લડવા માટે બમણો ભડકી ઉઠ્યો. ત્યાર પછી યહૂદીઓ ત્યાંથી ચાલ્યા ગયા અને તેમણે ગત્ફાન અને કૈસ ઐલાનના કબીલાઓના લોકો સાથે મુલાકાત કરી. યહૂદીઓએ તે લોકો ઉપર દબાણ કર્યું કે તે લોકો પણ પયગમ્બર (સ.) ની વિરૂધ્ધ જંગનું એલાન કરે. તેમણે જંગમાં પોતાનું સમર્થન, મદદ અને શૂરવીરતાનું યકીન અપાવ્યું અને કુરૈશના મિત્રદળ હોવાની પણ વાત કરી.

ત્યાર પછી એ બધા લોકો એક જગ્યાએ ભેગા થયા. કુરેશ અને તેમના સરદારો પણ ત્યાં આવી ગયા. કુરેશનો સરદાર અબૂ સુફ્યાન શકર બિન હર્બ હતો. ગત્ફાન કબીલાવાળા પણ પોતાના સરદાર ઐના બિન હશન તેમની સાથે જ ફઝારાના લોકો પણ હતા. બની મર્હ કબીલાના ખાસ ખાસ માણસો પણ હારિસ બિન ઔફની સરદારીમાં આવ્યા. મસઊદ બિન તરીફ પોતાના લોકોની સાથે આવ્યો. એવી જ રીતે અસ્જઅ કબીલાના લોકો પણ આવી ગયા. કુરેશના લોકો આ કબીલાઓની સાથે એકઠા થયા.

જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)ને આ બધાના ભેગા થવાની ખબર મળી કે જેમાં બધા સંગઠનોવાળા ભેગા થયા હતા અને આં હઝરત (સ.)ની વિરૂધ્ધ જંગ છેડ્યો હતો અને તેમની સંખ્યાની પણ ખબર મળી તો આં હઝરત (સ.) એ પોતાના અસ્હાબોની સાથે સલાહ મશવેરો કર્યો. બધાનો સામૂહિક ફેંસલો એ હતો કે મદીનામાં રહીને દુશ્મનોનો મુકાબલો કરવામાં આવે. (મક્કા અને મદીનાની વચ્ચે પહાડીઓ આવેલી છે.) મુસલમાનોનો ખ્યાલ એવો હતો કે દુશ્મનો પહાડોને પાર કરીને આવવામાં સફળ નહીં થઈ શકે. સલ્માન ફારસી (રઝી.અ.)એ પયગમ્બરે ખુદા (સ.)ને એવો મશવેરો આપ્યો કે ખંદક ખોદવામાં આવે. આ મશવેરા ઉપર અમલ કરવાનો હુકમ કરવામાં આવ્યો. આં હઝરત (સ.) પોતે પણ મુસલમાનોની સાથે ખભે ખભા મિલાવીને ખંદક ખોદવાનું કાર્ય કરી રહ્યા હતા.

સંગઠિત ટુકડીઓની બનેલી ફોજ રસૂલલ્લાહ (સ.)ની તરફ આગેકૂચ કરતી હતી. તેમની તાકાત અને સંખ્યા જોઈને મુસલમાનો ગભરાઈ ગયા. કુફ્ફારોની ફોજ ખંદકની નજીક આવી ગઈ અને પોતાના ખૈમા ઊભા કરવાનું શરૂ કરી દીધું અને સફો ગોઠવવા લાગ્યા. વીસ દિવસો સુધી તેઓ આવી સ્થિતિમાં રહ્યા અને કોઈ પણ ફોજી કાર્યવાહી અમલમાં ન આવી માત્ર બન્ને તરફથી તીરોની આપલે થઈ અને

પથ્થરમારો કરવામાં આવ્યો. કુફફારોની વિરૂધ્ધ મુહાજિરીન તંગ હોવાના કારણે પયગમ્બરે ઈસ્લામને એવો એહસાસ થયો કે હવે મુસલમાનોની વિપુલતાનો જોશ અને જઝબો ઓછો થવા લાગ્યો છે અને મુસલમાનોમાં જંગ કરવાનો રસ બાકી રહ્યો નથી. આં હઝરત (સ.)એ ઐયેના બિન હશન અને હારિસ બિન સૌફ કે જેઓ ગત્ફાન કબીલાના સરદારો હતા, તેમની પાસે માણસો મોકલ્યા અને તે બન્નેના ઉપર દબાણ કર્યું કે તે લોકો આં હઝરત (સ.) ની સાથે શાંતિનો કરાર કરી લે અને પોતાના આદમીઓને લઈને જંગના મેદાનમાંથી પાછા ચાલ્યા જાય. આં હઝરત (સ.)એ એવો વાયદો કર્યો કે અગર તે લોકો પાછા ચાલ્યા જશે તો મદીનાની પેદાશનો ત્રીજો ભાગ તેમને આપી દેવામાં આવશે. આપ (સ.)એ એ શરતોની બાબતમાં અસદ બિન મઆઝ અને સઅદ બિન ઉબાદાની સાથે પણ મશવેરો કર્યો કે જે શરતો આપ (સ.)એ ઐયેના અને હારિસને મોકલી હતી, તે બન્ને જણાએ જવાબ આપ્યો,

"અય અલ્લાહના રસૂલ (સ.) ! પરિસ્થિતિ જોતાં તો અમારા માટે આપનો કરાર સ્વીકારપાત્ર હશે કેમકે અલ્લાહે આપને આવો કરાર કરવાનો હુકમ આપ્યો હશે કે જે આપ કરી રહ્યા છો અને અમે એવું સમજીએ છીએ કે આવું કરવા માટે અલ્લાહ તરફથી આપને ઈલ્હામ થયું હશે. તેથી આપ (સ.) એવું ખુશીથી કરો કે જે આપ યોગ્ય સમજતા હો. આ બાબતમાં અમારો અભિપ્રાય આવો છે." (ક્રમશ:)


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.






# સુપર વાયર પ્રોડક્ટ

અમારે ત્યાં હોટલ/રેસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડકશન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## WEALTH (ધન/સંપત્તિ)

دریاب کنون که نعمتت هست به دست
کین دولت و مُلک میرود دست به دست

**દરયાબ કનૂન કે નેઅમત હસ્ત બે દસ્ત**
**કીન દૌલત વ મુલ્ક મીરૂદ દસ્ત બે દસ્ત**

(તમે જે ધન દોલત ધરાવતા હો તેનો સદુપયોગ કરવાના કાર્યને અમલમાં મૂકો કારણ કે સત્તા અને પ્રભુત્વ એક હાથમાંથી બીજા હાથમાં ચાલી જતાં વાર લાગતી નથી.)

هر کِرا جاه و دولت است و بِدان
خاطرِی خسته در نخواهد یافَت
خبرش ده که هیچ دولت و جاه
به سرای دگر نخواهد یافت

**હર કેરા જાહો દૌલત અસ્ત વ  બેદાન**
**ખાતરી ખસ્તા દર ન ખ્વાહદ યાફ્ત**
**ખબરશ દહ કે હૈચ દૌલત વ જાહ**
**બેસરાઈ દિગર ન ખ્વાહદ યાફ્ત**

(જેની પાસે દરજ્જો અને ધન દોલત હોય અને છતાંય તે તેમાંથી અન્યને મદદ નથી કરતો તો તેવા માણસને જણાવી દો કે તેને આખેરતમાં પણ કોઈ ધન દોલત કે દરજ્જો નહીં મળે.)

**ચે ખુશ ગુફ્ત આન તુહી દસ્ત સલ્હસોર**
**જોવી ઝર બહેતર અઝ પંજા મન ઝોર**

چه خوش گفت آن تُهی دست سلحشور
جُوی زر بهتر از پنجاه من زور

(જીવના સાટે કુસ્તી ખેલનાર જરૂરતમંદ પહેલવાને કેવું સરસ કહ્યું છે !, “પચાસ મણ જેટલી તાકાત ધરાવવી તેના કરતાં તો રતિભાર સોનું ધરાવવું વધારે સારી બાબત છે.”)

توانگران را وقف است و نذر و مهمانی
زکات و فطره و اعتاق و هدی و قربانی
تو کی به دولت ایشان رسی؟ که نتوانی
جز این دو رکعت و آن هم به صد پریشانی

**તવંગરાન રા વકફ અસ્ત વ નઝર વ મહેમાની**
**ઝકાત વ ફિતરા વ એઅતાક વ હદી વ કુરબાની**
**તૂ કી બે દૌલત ઈશાન રસી ? કે નતવાની**
**જુઝ ઈ દો રકાત વ આન હમ બે સદ પરેશાની**

(ધનવાન માણસો ધન દોલત વકફ કરી દે છે, પોતાના વાયદા પાળે છે અને મહેમાનનવાઝ હોય છે. વળી તેઓ ઝકાત, ફિતરા આપે છે, ગુલામોને આઝાદ કરે છે, કુરબાનીઓ આપે છે. તમે કે જે નાખુશીપૂર્વક બે રકાત વાજિબ નમાઝ પઢો છો તો તેમનો મુકાબલો કેવી રીતે કરી શકો ?)

بی زر نتوانی که کُنی بر کس زور
ور زر داری، به زور محتاج نه ای

**બી ઝર નતવાની કે કુની બર કસ ઝોર**
**વર ઝરદારી બેઝોર મોહતાજ ન અઈ**

(જો તમારી પાસે ધન દોલત ન હોય તો તમે કોઈની સામે બળપ્રયોગ કરી નહીં શકો, તમારે બળનો આશરો લેવાની જરૂર જ નથી.)

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૮

ભાષા : બરહા

**ન્હાકર કપડે પહેનને, બેઠે થે બીબી ઘરમાં,**
**ઉમ્મતકી શેહઝાદી, નામ જે બીબી ફાતેમા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે ઉમ્મતની શાહઝાદી કે જેમનું નામ બીબી ફાતેમા (અ.) છે તે નાહીને, કપડાં પહેરીને ઘરમાં બેઠેલાં હતાં.)

**ખમીર થા કીયા સહી, આટાકું ગુંદા જાન રે,**
**સામાન યું કીયા સહી, બીબીને ઉસ દન માન રે.**

(આટાને ગુંદીને રોટલી બનાવવા માટે ખમીર કર્યો હતો. એ દિવસે બીબી ફાતેમા (અ.) એ આ રીતે સામાન તૈયાર કર્યો હતો.)

**અલી તો આએ બહારથી, સિધારે ભી થે બાર રે,**
**બીબીકુ લાગે પુછને, સામાનકા બીચાર રે.**

(મૌલા અલી (અ.) બહાર ગયેલા હતા તેઓ પોતાના ઘરમાં આવ્યા અને સામાનને આ રીતે તૈયાર કરેલો જોઈને જનાબે ફાતેમા (અ.)ને પૂછવા લાગ્યા.)

**બીબી અજબ સામાન હે, દીસે જે હે તમુ કીયા,**
**કહોને એ ક્યા બાત હે, કરાર પાવે મુજ જીયા.**

(મૌલા અલી (અ.) પૂછવા લાગ્યા કે અય બીબી ! આજે તમે જે સામાન તૈયાર કર્યો છે તે બાબત મને અજબ પ્રકારની લાગે છે. શું વાત છે તે મને કહો જેથી મારા જીવને શાંતિ થાય.)

**બીબી કહેવે આજ મીલના, હોવે નબી સેતી સહી,**
**બીછરાન ભાગે બાપસુ, એતી ખબર બીબીએ કહી.**

(બીબી ફાતેમા (અ.) કહેવા લાગ્યાં કે આજે મારે નબીજીને મળવાનું છે. મારે મારા બાપથી જે જુદાઈ થઈ હતી તે જુદાઈ દૂર થશે. આટલી ખબર બીબીએ મૌલા અલી (અ.)ને આપી.)

**આજ હે મીલના બાપસુ, દૂર હોવે બિછરાન રીત રે,**
**બીબીને એ બોલ આખીયા, અલીને સુન મન દીન રે.**

(બીબી ફાતેમા (અ.)એ કહ્યું કે આજે મારે મારા બાપને મળવાનું છે. મારી ને એમની જુદાઈ દૂર થવાની છે. મૌલા અલી (અ.)એ આટલું સાંભળી લીધું.)

**આટા હે કીસ કામ ગુંદીઆ, અલી પૂછે ફીર બાત રે,**
**રખે ભૂખે બીબી કેવે, રેહવે ફરઝંદ જાત રે.**

(મૌલા અલી (અ.) પૂછવા લાગ્યા કે તમે આ આટો કેમ ગુંદી રાખ્યો છે ? તો બીબીએ કહ્યું કે (મારી વફાત થઈ જાય ત્યારે) રખેને મારા બન્ને ફરઝંદો ભૂખ્યા રહી ન જાય એટલે મેં

આટો ગુંદી રોખ્યો છે.)

**તમે તો બાદ વફાતકે, લાગો જનાઝે કામમાં,**
**ઈમામ તબ ભૂખે રેહવે, કેહવે બીબી ફાતમા.**

(બીબી ફાતેમા (અ.) કહેવા લાગ્યાં કે મારી વફાત બાદ તમે તો મારો જનાઝો તૈયાર કરવાના કામમાં રોકાયેલા રહો અને રખેને મારા બન્ને ફરઝંદો ઈમામ હસનોહુસૈન (અ.) ભૂખ્યા રહી જાય.)

**ઈમામ તબ દોનું ચલકર, એતે તો ઘરમાં આએ રે,**
**બીબીને દોનું વીરકું, લેકર ગલે લગાય રે.**

(આવી વાતો થઈ રહી હતી એવામાં બન્ને ઈમામો ચાલતા ચાલતા ઘરમાં આવ્યા તો બીબી ફાતેમા (અ.)એ તે બન્ને ભાઈઓને પોતાના ગળે વળગાડી દીધા.)

**આખર વિદાયકી સીખ હે માંગી તો યું મનસું સહી,**
**નેનું ભરયા નીર રે, ખબર એ સાચી કહી.**

(બીબી ફાતેમા (અ.)એ પોતાના મનોમન બન્ને ફરઝંદો પાસે વિદાયની છેલ્લી શીખ માગી અને પોતાની આંખોમાં પાણી ભરી દીધાં.)

**માતા હે યું સીખ માંગતે, ફરઝંદ સુને બાલ રે,**
**યતીમ શેહઝાદે હુએ, બીબીકે ચલતે હાલ રે.**

(માતા આવી રીતે વિદાયની શીખ માગે છે અને બન્ને ફરઝંદો તે શબ્દો સાંભળે છે. બીબી ફાતેમા (અ.) આ દુનિયા છોડીને ચાલી નીકળ્યાં તો બન્ને શાહઝાદાઓ યતીમ થઈ ગયા.

**બયાન નં. ૯**

**અસમાકો બીબીને, બાદ એતના આખા,**
**જનું ઓરતને જનાઝા, કર નજરૂં રે દાખા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે ત્યાર પછી બીબી ફાતેમા (અ.)એ તે અસમા (બિન્તે ઉમૈશ)ને એટલું કહ્યું કે જે સ્ત્રીએ જનાઝો પોતાની નજરો નજર જોયો હતો.)

**કહ્યા તું અને અલી બના, કોઈ અવર ના આવે,**
**તમો દોનું બના અવર, ન કોઈ મુજકુ નીલાવે.**

(અસમાને કહ્યું કે તારા અને અલી (અ.) ના સિવાય બીજું કોઈ મારા જનાઝાની પાસે આવવું જોઈએ નહીં અને તમારા બન્નેના સિવાય બીજું કોઈ મારા જનાઝાને નવડાવે નહીં – ગુસલ ન આપે.)

**યું બીબી સાહેબને, વસીઅત કીતી,**
**વે અસમાએ સારી, સુન કર લીતી.**

(આવી રીતે બીબી ફાતેમા (અ.)એ વસિયત કરી અને અસમા બિન્તે ઉમૈશે એ વસિયત સાંભળી લીધી.)

**ઉમ્મે સલમા હે કેહતે, દુજી સુની જ્યું રીતા,**
**બીબી સાહેબકા કેહના, સુન યાદ કર લીતા.**

(ઉમ્મે સલમા કહે છે કે મેં બીજી પણ એક રીત સાંભળી છે અને તે રીત મેં બીબી સાહેબ ફાતેમા (અ.)થી સાંભળીને યાદ કરી લીધી.)

**કે આજાર તો બીબીકુ જબ હુવા રે બોતા,**
**સો અજલ હો કેરા, વખત હે પોંહચા.**

(બીબી ઉમ્મે સલમા ફરમાવે છે કે જ્યારે મોતના સમયે મય્યતને જે દુ:ખ પહોંચે છે તે આઝાર બીબી ફાતેમા ઝહરા (અ.)ને પહોંચ્યા.)

**તબ બીબી સાહેબે, આપ ગુસલ રે કીતા,**
**નવે કપડે પેહને, એ બાત હે સુણીતા.**

(ત્યારે બીબી સાહેબે પોતે જ ગુસલ કરી દીધું અને નવાં કપડાં પહેરી લીધાં. આવી વાત સાંભળવામાં આવી છે.)

**બીબી તકીયા દેકર, બેઠે ઘર માંહાં,**
**અને અલી તબ ઘરમાં, થે રે નાંહી.**

(બીબી સાહેબે ગુસલ કરીને નવાં કપડાં પહેરી લીધાં અને પોતાના ઘરમાં તકિયાનો ટેકો લઈને બેઠાં એ વખતે મૌલા અલી (અ.) ઘરની અંદર ન હતા.)

**અને કિબ્લેકી તરફ, મુંહ બીબીને થા કીતા,**
**અને જમણા હાથ ગાલ તલે થા દીતા.**

(અને બીબી સાહેબે કિબ્લા તરફ પોતાનું મોઢું રાખ્યું હતું અને પોતાનો જમણો હાથ પોતાના ગાલની નીચે મૂકેલો હતો.)

**યું બેઠ કર બીબીને, આપ ફરમાયા,**
**ઉમ્મે સલમાકે કાનમાં, વે આવાઝ રે આયા.**

(આવી રીતે બેસીને બીબી ફાતેમા (અ.) એ ઉમ્મે સલમાના કાનમાં અવાજ દઈને પોતે ફરમાવ્યું.)

**અભી રૂહ તો મેરી હે, કબ્ઝ કરાતી,**
**યું બીબી સાહેબને, તબ કહી રે બાતી.**

(બીબી સાહેબે ઉમ્મે સલમાને ફરમાવ્યું કે જ્યારે મારી રૂહ કબ્ઝ થઈ જાય ત્યારે...)

**પીછે એ ભી કોઈ, મુજે ખોલીયો નાંહાં,**
**કે સોચ જા કીજીયો, ગુસલ કે માંહાં.**

(આપે ફરમાવ્યું કે જ્યારે મારી રૂહ કબ્ઝ થઈ જાય ત્યાર પછી તમારામાંથી કોઈ પણ મારાં કપડાં ખોલીને ગુસલ આપવાનો વિચાર કરતાં નહીં.)

**કે ખોલને મુજકું, કોઈ મત રે નીલાઓ,**
**મુઝે કપડુ હો સેતી, દફન કરાઓ.**

(મારાં કપડાં ખોલીને મને કોઈ ગુસલ માટે નવડાવતાં નહીં. મેં જે કપડાં પહેર્યાં છે તે કપડાંમાં જ મને દફન કરાવજો.)

**સુનો બીબી સાહેબને, યે ભી વસીઅત કીતી,**
**સો ઉમ્મે સલમાને, સુન કર લીતી.**

(તો આ રીતે બીબી સાહેબે પોતાની વફાત પહેલાં ઉમ્મે સલમાને આ મુજબ વસિયત કરી હતી અને ઉમ્મે સલમાએ તે સાંભળી પણ લીધી.)

**એતે બીબી સાહેબકા, હુવા રે વિસાલા,**
**ફોત હોકર ચલીએ, ઉસ હી હાલા.**

(આવી રીતે બીબી સાહેબનો વિસાલ થઈ ગયો અને આવી જ હાલતમાં આપ વફાત થઈને ચાલી નીકળ્યાં)

**તબ અલીકું આતે, એ પોંચી રે બાતી,**
**જે વસીઅત બીબીને, કીતી રે સુણાતી.**

(જ્યારે મૌલા અલી (અ.) ઘરની અંદર આવ્યા તો બીબી ફાતેમા (અ.)ની જે વસિયત હતી તેના શબ્દો આપને સંભળાવવામાં આવ્યા.)

**તબ અલીને બીબીકું, આવને ઉઠાએ,**
**અને જનાઝે કે માંહે, લેને ધરાએ.**

(ત્યાર પછી મૌલા અલી (અ.)એ બીબી

સાહેબની મય્યતને ઊઠાવી અને જનાઝાની અંદર મૂકી દીધી.)

**કે ગુસલ તો ફીર કર, દીતા રે નાંહાં,**
**ના કપડા ઉતારા, થા જે તનકે માંહાં.**

(મૌલા અલી (અ.)એ બીબી સાહેબના શરીર ઉપરથી કપડાં પણ ઉતાર્યાં નહીં અને તેમને ફરીથી ગુસલ પણ આપ્યું નહીં.)

**અનુ કપડુ હો સેતી, બીબી દફ્ન કરાએ,**
**જયું વસીઅત કેરે બોલ થે બતાએ.**

(બીબી સાહેબે જે મુજબ વસિયત કરી હતી તે પ્રમાણે જ તેમનાં પોતાનાં કપડાંમાં જ દફ્ન કરવામાં આવ્યાં.)

**ભી સુના હે કે તબ થા, શાબાન માસા,**
**જબ વિસાલ હોવડા, બીબીકા ખાસા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે એવું સાંભળ્યું છે કે એ વખતે શાબાન મહિનો ચાલતો હતો કે જ્યારે બીબી સાહેબનો વિસાલ થયો હતો.)

**કે શાબાન મહિના, દુજી તારીખ કહીએ,**
**બોત લોક હે જાનતે, એ સુન કર લહીએ.**

(ઘણા બધા લોકો જાણે છે તે મુજબ મેં સાંભળ્યું છે કે એ વખતે શાબાન મહિનો ચાલતો હતો અને વફાતના દિવસે શાબાન મહિનાની બીજી તારીખ હતી.)

**કે વિસાલ બીબીકા, હુવા શાબાન માસા,**
**યું બુઝતે હેં સારે, કહો હોકર દાસા.**

**–: રે તુંહી :–**

(બધા લોકો એવું સમજે છે કે બીબી સાહેબનો વિસાલ શાબાન મહિનામાં થયો હતો.)

**ઈખ્તિલાફ પડા વિસાલમાં,**
**માસ રમઝાન શાબાન રે, માસ રમઝાન શાબાન;**
**તારીખ દુજી તીસરી,**
**દોનું માસ કે માન રે, દોનું માસકે માન.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે બીબી સાહેબની વફાતના મહિના અને તારીખની બાબતમાં ઈખ્તેલાફ પડ્યો છે રમઝાન મહિનો કે શાબાન મહિનો છે, બીજી તારીખ છે કે ત્રીજી તારીખ છે તે ચોકકસ નથી.)

**નોંધ :** બીબી ફાતેમા (અ.)ની વફાતની તારીખમાં મતભેદ છે. હિજરી સન–૧૧ના જમાદીઊલ આખરની તારીખ ત્રીજી પણ લખવામાં આવેલ છે.)


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી.
અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

**જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન**

**ઔલાદે સાલેહ**

**ઈમામ હુસૈન (અ.)ની શહાદત પર જિન્નાતોના નૌહા**

(૧) હબીબ બિન સાબિત કહે છે કે મેં પરીઓ (અપ્સરાઓ)ને ઈમામ હુસૈન (અ.)ની શહાદત પર રોતી સાંભળી છે કે કહેતી હતી : નબી (સ.)એ તેમના માથાને ચૂમ્યું, તેમના ગાલ ઉપર ચમક હતી. તેમનાં માબાપ કુરેશનાં બુઝુર્ગ હતાં. તેમના નાના બધા જ નાનાઓ કરતાં બહેતર હતા.

(૨) જનાબે ઉમ્મે સલમા (રઝી.અ.) ફરમાવે છે કે મેં ઈમામ હુસૈન (અ.)ની શહાદતની રાત્રે એક કહેવાવાળાને એવું કહેતો સાંભળ્યો છે કે અય મૂર્ખાઈથી ઈમામ હુસૈન (અ.)ને કતલ કરનારાઓ ! તમને અઝાબ અને દુર્દશાની બશારત થાય, તમારા પર લા'નત થાય, તમારા ઉપર લા'નત નાખી દેવામાં આવે છે, સુલયમાન ઈબ્ને દાવૂદ (અ.)ની અને મૂસા (અ.) અને ઈન્જીલને ધારણ કરનાર અર્થાત્ ઈસા (અ.)ની જબાનથી.

(૩) હબીબ બિન સાબિત જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી રિવાયત કરે છે કે તેઓ ફરમાવતાં હતાં કે જ્યારથી આં હઝરત (સ.)નો ઈન્તેકાલ થયો છે, મેં આ રાત સિવાય કદી જિન્નાતના નૌહાનો અવાજ નથી સાંભળ્યો. હું આ જ વખતે સમજી કે મારો બેટો અર્થાત્ પ્યારો હુસૈન માર્યો ગયો છે. મેં મારી ખાદિમાને કહ્યું કે બહાર નીકળ અને પૂછ. તેણે મને ખબર લાવીને આપી કે તેઓ શહીદ થઈ ગયા છે. તે આવા નૌહા કરતી હતી, ખબરદાર થઈ જા, અય મારી રોવાવાળી આંખ! અને રોવાનો પ્રયત્ન કરવામાં, અને મારા પછી શહીદો ઉપર કોણ રડશે ? એવા ટોળા ઉપર કે મોત તેમને ખેંચીને એવા મુલક તરફ અને જમાનાના જાલિમ બાદશાહ તરફ લઈ ગયું.

**ઈમામ હુસૈન (અ.)ના પવિત્ર સર મુબારકની કરામતો**

(૧) મિન્હાલ બિન ઉમરૂ કહે છે કે અલ્લાહની સોગંદ, મેં જોયું છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.)ના સર મુબારકને નેઝા ઉપર ચઢાવવામાં આવ્યું એ વખતે હું દમિશ્ક હતો. સર મુબારકની સામે એક પુરૂષ કુરઆન શરીફનો સૂરો – સૂરએ કહફ પઢી રહ્યો હતો. જ્યારે તે એ આયત ઉપર પહોંચ્યો કે જેનો અનુવાદ આવો

છે કે શું જાણ્યું તેં કે અસ્હાબે કહફ અને રકીમ તેઓ અમારી અજબ નિશાનીઓમાંથી હતા ? સર મુબારક ફસીહ જબાનમાં બોલ્યું કે અસ્હાબે કહફ કરતાં તો મારી કતલ અને મને નેઝા ઉપર ચઢાવવું વધારે અજબ પ્રકારની બાબત છે.

(૨) અબી કબલ કહે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) શહીદ થઈ ગયા અને આપનું સર મુબારક નેઝા ઉપર ચઢાવવામાં આવ્યું અને તે લોકો પહેલી જ મંઝિલમાં બેસીને શરાબ પીવા લાગ્યા તો ગેબથી એક કલમ નીકળી અને તેણે ખૂનથી આવું લખાણ લખ્યું : શું આ એ ઉમ્મત છે કે જેણે ઈમામ હુસૈન (અ.)ને શહીદ કર્યા છે. શું તે કયામતના દિવસે તેમના નાનાની શફાઅતની ઉમ્મેદ રાખી શકે છે ? કદાપિ નહીં.

(૩) વાકદી રહેમતુલ્લાહ અલૈહ. રિવાયત કરે છે કે તેમનામાંથી એક માણસે ઈમામ હુસૈન (અ.)નું સર મુબારક પોતાના ઘોડાની દોરી સાથે બાંધી દીધું. થોડા દિવસો પછી જાણવા મળ્યું કે તેનું મોઢું કાળુ થઈ ગયું હતું. તેને પૂછવામાં આવ્યું કે તું તો અરબના સબ્ઝ રંગવાળાઓમાં ગણાતો હતો ને? તે કહેવા લાગ્યો, જ્યારે મેં તે સર મુબારકને ઉઠાવ્યું તો મારા ઉપર એક રાત પણ પસાર થવા પામી ન હતી કે મેં શું જોયું કે તે માણસ મારી ગરદન પકડીને મને સળગતી આગમાં ધકેલી રહ્યા છે અને હું પાછળ પડી રહ્યો છું. આથી આગે મોઢું બાળી નાખ્યું જેવું કે તું જોઈ રહ્યો છે. ત્યાર પછી તે બૂરી મોતે મરણ પામ્યો.


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

:::::::: **ઓર્થોરાઈઝ ડીલર** ::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન

**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.

**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન

**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ

**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

**૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન**

**૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**



**ફોન : ૨૫૬૨૦૧૮૦**

**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**

**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**

☞ **બશીરભાઈ**

**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ, આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

# મીર અનીસના મરસિયા

**મરસિયા—૧** (ગતાંકનું ચાલુ) مرثیہ-۱

| | |
|---|---|
| **શહાદત જનાબે અમીરુલ મોમિનીન અલી ઇબ્ને અબીતાલિબ (અ.)** | **شہادت جناب امیرالمومنین علی ابنِ ابی طالبؑ** |

**ફરમાયા જો થા સબ્રકો શાહે દોસરાને**
**દમ મારા ન ઉસ ઝુલ્મ પે ભી શેરે ખુદાને**
**ગર્દનમેં ભી બંધવાઈ રસન ઉકદાકુશાને**
**તલવારેં ભી કીં સર પે અલમ અહલે જફાને**
**કિસ શખ્સને દસ્તે સિતમ ઉસ પર ન ઉઠાયા**
**ઉસ સાબિરો શાકિરને મગર સર ન ઉઠાયા**

فرمایا جو تھا صبر کو شاہ دوسرانے
دم مارا نہ اس ظلم پہ بھی شیرِ خدانے
گردن میں بھی بندھوائی رسن عقدہ کشانے
تلواریں بھی کیں سر پہ علم اہلِ جفانے
کس شخص نے دستِ ستم اس پر نہ اٹھایا
اس صابرو شاکر نے مگر سر نہ اٹھایا

(બન્ને જહાનના બાદશાહ હઝરત મોહંમદ મુસ્તફા (સ.)એ મૌલા અલી (અ.)ને સબ્ર કરવાનું જે ફરમાન કર્યું હતું તેથી જ તો શેરે ખુદા અલી (અ.)એ આવો જુલ્મ થયો છતાં દમ ન માર્યો. ઉકદાકુશા મૌલા અલી (અ.)એ પોતાની ગરદનમાં રસ્સી પણ બંધાવી દીધી. તકલીફ આપનારા લોકોએ મૌલા અલી (અ.)ના સર મુબારક ઉપર તલવારો અલમની માફક ઊભી કરી દીધી. એવો કોણ માણસ હતો કે જેણે મૌલા અલી (અ.) ઉપર સિતમનો હાથ ન ઉઠાવ્યો હોય ? પરંતુ તે સાબિર (ધૈર્યવાન) અને શાકિર (શુક્ર કરનાર) ઈમામ અલી (અ.)એ તેમની સામે પોતાનું માથું ન ઊંચક્યું.)

**હૈ દફતરે દીવાને દો આલમમેં અલી ફર્દ**
**આફાકમેં હૈદર સા નહીં કોઈ જવાં મર્દ**
**હૈ ગર્મી બાઝારે શુજાઆને જહાં સર્દ**
**દહેશતસે ઉસકી રૂખે ખુર્શીદ હુવા સર્દ**
**શેરોં કે જિગર આબ હૈ શમશામે અલીસે**
**થર્રાતા હૈ મરીખે ફલક નામે અલીસે**

ہے دفترِ دیوانِ دو عالم میں علیؑ فرد
آفاق میں حیدرؑ سا نہیں کوئی جواں مرد
ہے گرمی بِازار شجاعانِ جہاں سرد
دہشت سے اس کی رُخِ خورشید ہوا سرد
شیروں کے جگر آب ہیں صمصام علیؑ سے
تھرّاتا ہے مریخ فلک نام علیؑ سے

(બન્ને આલમના પ્રસંગોની કિતાબમાં મૌલા અલી (અ.) અજોડ છે. બન્ને જહાનમાં મૌલા અલી (અ.) જેવો કોઈ જવાંમર્દ નથી. જોશ છે... બહાદુર માણસોનું બજાર ઠંડુ છે. મૌલા અલી (અ.)ની દહેશતથી તો સૂર્યનું મુખડું પણ ઠંડુગાર થઈ ગયું છે. મૌલા અલી (અ.)ની તલવારથી તો બહાદુર માણસોનાં કાળજાં પણ પાણી પાણી થઈ ગયાં છે. મૌલા અલી (અ.)ના નામ માત્રથી તો આસમાનોનો સિતારો મરીખ, કે જેને જલ્લાદ કહે છે, તે પણ ધ્રુજી ઉઠે છે.)

**બેઈઝન કોઈ ઘરમેં કિસીકે નહીં જાતા** — بے اِذن کوئی گھر میں کسی کے نہیں جاتا

**બેપર્દા હો નામૂસ તો કયા તૈશ હૈ આતા** — بے پردہ ہوں ناموس تو کیا طیش ہے آتا

**વલ્લાહ કે યદુલ્લાહ અગર હાથ ઉઠાતા** — واللہ کہ یداللہ اگر ہاتھ اٹھاتا

**તલવારકી તાબ ઉસકી જહાંમેં કોઈ લાતા?** — تلوار کی تاب اس کی جہاں میں کوئی لاتا؟

**હો ઝેર કિયા જિસને ઝબરદસ્તોંકો લડકે** — ہو زیر کیا جس نے زبردستوں کو لڑ کے

**તાકત થી કે લે જાતે ઉસે ઘરસે પકડકે** — طاقت تھی کہ لے جاتے اسے گھر سے پکڑ کے

(પરવાનગી વગર કોઈ માણસ કોઈના ઘરમાં જતો નથી. પડદા વગરની કોઈ સ્ત્રી હોય તો કેવો ક્રોધ ચઢે છે ? અલ્લાહની કસમ, કદાચ યદુલ્લાહ મૌલા અલી (અ.) હાથ ઉઠાવત તો તેમની તલવારને દુનિયામાં કોણ સહન કરી શકત ? જેણે લડતાં લડતાં ભલભલા ભડવીરોને પરાસ્ત કરી દીધા હોય, કોની તાકાત હતી કે તેમને ઘરમાંથી પકડીને લઈ જાય ?)

**આઅદા યે સમઝતે થે યે ઝિન્હાર ન સમઝે,** — اعدا یہ سمجھتے تھے یہ زنہار نہ سمجھے

**કુછ મર્તબએ હૈદરે કર્રાર ન સમઝે** — کچھ مرتبۂ حیدرِ کرّار نہ سمجھے

**મુખ્તારકે ઘરકા ઉસે મુખ્તાર ન સમઝે** — مختار کے گھر کا اُسے مختار نہ سمجھے

**અફસોસ કે હકદારકો હકદાર ન સમઝે** — افسوس کہ حقدار کو حقدار نہ سمجھے

**કયા કહ્ર હૈ દામાદે નબી પર યે સિતમ હો** — کیا قہر ہے دامادِ نبیؐ پر یہ ستم ہو

**મુમ્કીન હૈ કે તુર્બતમેં મોહંમદકો ન ગમ હો** — ممکن ہے کہ تربت میں محمدؐ کو نہ غم ہو

(દુશ્મનો જેવા દુશ્મનો પણ આ બાબત સમજતા હતા પરંતુ આ લોકો કદાપિ હૈદરે કર્રાર મૌલા અલી (અ.) ના મર્તબાને ન સમજ્યા. મુખ્તાર (સ.)ના ઘરના મુખ્તાર એવા મૌલા અલી (અ.)ને ન સમજ્યા. અફસોસ છે કે જે હકદાર હતા તેમને હકદાર ન સમજ્યા. આ તો કેવો કાળો કેર કહેવાય કે નબી (સ.)ના જમાઈ

ઉપર આવો સિતમ થાય. શક્ય છે કે તુરબતની અંદર મોહંમદ (સ.)ને કંઈ ગમ ન થયો હોય.)

| | |
|---|---|
| **થા એક તો ગમ ફાતેમાકો હિજ્રે પિદરકા** | تھا ایک تو غم فاطمہؑ کو ہجرِ پدر کا |
| **ઔર દૂસરે અસ્કાત હુવા હમલે પિસરકા** | اور دوسرے اسقاط ہوا حمل پسر کا |
| **હૈદરકો પકડ લે ગયે વારિસ જો થા ઘરકા** | حیدرؑ کو پکڑ لے گئے وارث جو تھا گھر کا |
| **ઉસ દિનસે અજબ હાલ થા ઉસ ખસ્તા જિગરકા** | اس دن سے عجب حال تھا اس خستہ جگر کا |
| **ફિર ઉઠકે ન દરવાઝેસે બાહર ગઈ ઝહરા** | پھر اٹھ کے نہ دروازے سے باہر گئی زہراؑ |
| **જિસ હુજરેમેં બૈઠી થી વહીં મર ગઈ ઝહરા** | جس حجرے میں بیٹھی تھی وہیں مر گئی زہراؑ |

(બીબી ફાતેમા (અ.)ને એક ગમ તો પોતાના બાપની જુદાઈનો હતો અને બીજો ગમ એ હતો કે તેમના દીકરાનું હમલ પડી ગયું. મૌલા અલી (અ.) કે જેઓ ઘરના વારિસ (વાલી) હતા તેમને પકડીને લઈ ગયા. એ દિવસથી દુ:ખિયારી બીબી ફાતેમા (અ.)ની અજબ હાલત થઈ ગઈ. ત્યાર પછી તો ઘરના દરવાજાથી જનાબે ફાતેમા ઝહરા (અ.) બહાર નીકળ્યાં જ નહીં. જે ઘરની અંદર બેઠેલાં હતાં એ જ ઘરમાં મા ફાતેમા ઝહરા (અ.) વફાત પામ્યાં.) (ક્રમશ:)


Order Taken from ALL OVER GUJARAT

NAJARMOHAMMAD VIJAPURA (JETHIPURA) 99 98 98 67 77

# યામ લેસર

Acrylic & LED Sign Board

Making Sign Board of **HOTEL & SHOP** as per order.




- LED Single Color Sign Board
- Programming Led Sign Board
- Open LED Sign Board
- Clear Acrylic Sign Board
- Mirror Acrylic Sign Board
- Box Letter Sign Board

To view our portfolio kindly visit to our website.

Shop No.6, 1st Floor, Nr. L.I.C. Office, Samruddhi Complex, Nyay Mandir, Himatnagar, Gujarat.
Website : www.yamlasertech.com Email : yamlasertech@gmail.com

| Blog બ્લોગ | : લેખન : |
|---|---|
| Ref : Wayfaring (My search for Truth) | હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |

- **Paradise** (જન્નત/બેહિશ્ત)

  Never destroy the Paradise of genuine feelings. If this Paradise is destroyed, the world is hell.

  વિશુધ્ધ લાગણીઓવાળી જન્નતનો કદાપિ નાશ કરશો નહીં. જો આ જન્નતનો નાશ કરી દીધો તો પછી દુનિયા દોઝખ છે.

- **Closeness to God** (અલ્લાહથી નજદીકી)

  God is closer to you than your closest of friends. Interact with Him. It's more satisfying and fruitful than any other interaction.

  અલ્લાહ તઆલા તમારા સૌથી નિકટના મિત્રો કરતાં ય તમારી વધુ નજીક છે. તેની સાથે ગુફ્તગૂ કરો. બીજી કોઈ પણ ગુફ્તગૂ કરતાં તો તે વધારે સંતોષ આપે તેવી અને ફળદાયી હોય છે.

- **Lasting Success** (કાયમી કામયાબી)

  If you want your success to last long, share it with others.

  જો તમારે તમારી કામયાબીને કાયમ માટે ટકાવી રાખવી હોય તો તેમાં બીજાઓને સહભાગી બનાવો.

- **Curiosity** (જિજ્ઞાસાવૃત્તિ/આતુરતા)

  Your curiosity should not transgress other people's privacy. It is a very beneficial trait of character otherwise.

  તમારી જિજ્ઞાસાવૃત્તિ બીજા લોકોના એકાંત (ગુપ્તતા)ની મર્યાદાનો ભંગ કરે તેવી ન હોવી જોઈએ નહિતર તે તમારા ચારિત્ર્યની લાભપ્રદ ચાલાકી ગણાશે.

- **Closeness** (નિકટતા)

  Physical distance but emotional closeness is much sweeter than physical closeness dogged by mistrust and servility.

  અવિશ્વાસ અને અધમ મનોવૃત્તિના આગ્રહવાળી શારીરિક નિકટતા કરતાં તો શારીરિક દૂરી છતાં લાગણીસભર નિકટતા ખૂબ જ વધારે મધુર હોય છે.

- **Believability** (વફાદારી/ભરોસાપાત્રતા)

  Reality is mostly incredible, most of it falls inside the realm of the irrational. However, believability is a tool with the help which you can fathom as much reality as possible.

  વાસ્તવિકતા મોટે ભાગે તો માની ન શકાય તેવી હોય છે, તેનો મોટો ભાગ તો બુધ્ધિહીનતાના અધિકારક્ષેત્રની અંદર આવી જાય છે. તેમ છતાં વફાદારી એક એવું સાધન છે કે જેની મદદથી તમે શક્ય એટલી વાસ્તવિકતાને આંબી શકો છો.

- **Aliens** (બીજા ગ્રહના અજાણ્યા પદાર્થો)

  If man can send foreign objects to Mars, it's nothing more than man's conceit to think that no intelligent life exists elsewhere and that they can't send foreign objects to earth.

  જો માણસ મંગળના ગ્રહ ઉપર કોઈ વિદેશી પદાર્થો મોકલી શકતો હોય તો તે માણસના એવું વિચારવાના ઘમંડ કરતાં કંઈ વધારે બીજી કોઈ બાબત નથી કે કોઈ બુધ્ધિશાળી જીવ બીજે ક્યાંય અસ્તિત્વ ધરાવતો નથી અને એ પણ કે તેઓ પૃથ્વી ઉપર અજાણ્યા પદાર્થો મોકલી શકતા નથી.

- **Remedy** (ઈલાજ/ઉપાય)

  Stop fearing your disease and you will ultimately find a way out of it. Self-belief is a better remedy for any disease than medicine.

  રોગનો ભય રાખવાથી અટકી જાઓ અને છેવટે તો તમે જ તેમાંથી કોઈ માર્ગ શોધી કાઢવાના. ઔષધ કરતાં તો કોઈ પણ રોગ માટેનું તમારું યકીન જ વધારે સારો ઈલાજ છે.

- **Target** (નિશાન/લક્ષ્ય)

  Practice your target when you're alone, and you'll be able to reach it when time comes.

  જ્યારે તમે એકલા હો ત્યારે નિશાન તાકવાની પ્રેક્ટીસ (મહાવરો) કરો અને જ્યારે સમય આવશે ત્યારે તમે તે નિશાન સુધી પહોંચી શકશો.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે જૂન–૨૦૧૩ થી તા. ૧૫, માહે જુલાઈ–૨૦૧૩<br>મુ.તા. ૬, શાબાન–૧૪૩૪ થી મુ.તા. ૫, રમઝાન–૧૪૩૪ |
|---|---|---|---|
| જૂન | રજબ | – | |
| 17 | ૭ | સોમ | વિલાદત : જનાબે કાસિમ બિન હસન મુજતબા (અ.) |
| 20 | ૧૦ | ગુરૂ | વીંછુડો બેસે : રાત્રે ૪–૨૨ કલાકે  સદરૂદ્દીન (રહે.), વડનગર ❄ વીંછુડો |
| 21 | ૧૧ | શુક્ર | ઉર્સ : પીર સૈયદ ઝયનુદ્દીન (રહે.) પીર સૈયદ ⟶ |
| 22 | ૧૨ | શનિ | વિંછુડો ઉતરે : રાત્રે ૪–૧૮ કલાકે |
| 24 | ૧૪ | સોમ | શબે બરાત ❄ વફાત : જનાબે અમીર હમ્ઝા (અ.) |
| 25 | ૧૫ | મંગળ | નોંધ જુઓ. |
| 26 | ૧૬ | બુધ | વિલાદત : પીર સૈયદ શાહબુદ્દીન (રહે.) |
| 27 | ૧૭ | ગુરૂ | ઉર્સ : હઝરત બાલાપીર બાવા (રહે.), કડી |
| જુલાઈ-2 | ૨૨ | મંગળ | વિલાદત : પીર સૈયદ કબીરૂદ્દીન કુફ્રશીકન (રહે.) |
| 4 | ૨૪ | ગુરૂ | ઉર્સ : પીર સૈયદ હસનઅલી બાવા (રહે.), અમદા. |
| 10 | ૩૦ | બુધ | રથયાત્રા |
| 11 | રમઝાન- ૧ | ગુરૂ | માહે રમઝાનુલ મુબારક શરૂ |

**નોંધ : તા.૨૫–૬–૨૦૧૩ મુ.તા.૧૫, શાબાન–૧૪૩૪**
વિલાદત : હઝરત ઈમામ મોહંમદ મહદી સાહેબુઝઝમાન (અ.)
વિલાદત : પીર સૈયદ મોહંમદ મન્સૂર (રહે.)
વિલાદત : પીર સૈયદ સલાહુદ્દીન મોહંમદ નૂરબક્ષ (રહે.)
વિલાદત : પીર સૈયદ શાહ કાસિમ અન્વાર શમ્સુદ્દીન (રહે.)
વિલાદત : પીર સૈયદ મોહંમદ (રહે.)

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મો. અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)

(૧) હઝરત ઈસા (અ.)ના સમયમાં કયા શાસ્ત્રનું ખૂબ જોર હતું ? (૨) 'શજે હસદ'નો અર્થ શું થાય? (૩) "હે મારા દરબારીઓ ! નિ:સંશય મારી તરફ એક માનવંત પત્ર ફેંકવામાં આવ્યો છે." આ વાકય કોણ બોલે છે ? (૪) જમણા ખભામાં વ્યકિતના આમાલની નોંધ રાખનાર ફરિશ્તાનું નામ આપો. (૫) અલ્લાહે જનાબે ફાતેમા ઝહરા (સ.)ને કુરઆનમાં કયા નામથી બિરદાવ્યાં છે ? (૬) મુનાફિકની ત્રણ નિશાનીઓ કઈ છે ? (૭) અલ્લાહે ફરમાવ્યું, "હે લોકો ! જમીન ઉપરની.............. મારાં ઘર છે કે જે આકાશવાળાઓને એ રીતે ચમકતાં દેખાય છે કે જેવી રીતે ચમકતા તારા જમીનવાળાઓને દેખાય છે. (૮) એ વ્યકિત કે જે પૂરેપૂરી સભાનતા સાથે ચુકાદો આપે છે તે .................. છે. (૯) અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અ.), હઝરત ઈસા (અ.) અને હઝરત મોહંમદ (સ.)ને કયા કયા મોઅજિઝા આપ્યા હતા ? શા માટે (૧૦)આસિફ બિન બરખિયા કયા પયગમ્બરના જમાનામાં થઈ ગયા ?

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

**'મોમિન રત્ન'**

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

### વસિયતનામું

ત્યાર પછી પોતાની હાજતો માટે વસિયત કરે અને આવી વસિયતનું સમર્થન કુરઆનમાં આ સૂરાની અંદર છે કે જેમાં હઝરત મરયમનું વર્ણન આવેલું છે. અલ્લાહ તઆલાના આ કોલ મુબારકની અંદર –

لَا يَمْلِكُونَ الشَّفَاعَةَ إِلَّا مَنِ اتَّخَذَ عِندَ الرَّحْمَٰنِ عَهْدًا ﴿٨٧﴾

*(શફાઅતના માલિક એવા કોઈ લોકો નહીં હોય બસ માત્ર એવા લોકો જ હશે કે જેમણે અલ્લાહની બારગાહથી અહદો પયમાન લીધેલા હશે.)* (સૂરએ મરયમ, આયત–૮૭)

તો આ છે મય્યતનું અહદનામું અને વસિયત દરેક મુસલમાન ઉપર ફર્ઝ છે અને તેના ઉપર એ પણ આવશ્યક છે કે તે વસિયતને સાચવીને રાખે અને તેની તાલીમ આપે અને હઝરત અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ (અ.)નો ઈરશાદ છે કે મને તેની તાલીમ રસૂલલ્લાહ (સ.)એ આપી અને રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે મને હઝરત જિબ્રઈલ (અ.) દ્વારા તેનું ઈલ્મ આપવામાં આવ્યું છે. (૫૪૩૧)

હસીન બિન સઈદે રિવાયત કરી છે, તેમનું બયાન છે કે બયાન કરવામાં આવ્યું કે મને હસીન ઉલ્વાને, તેમણે રિવાયત કરી અમ્ર બિન સાબિતથી અને તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી. આપ (અ.)એ ફરમાવ્યું કે રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)થી ફરમાવ્યું કે અય અલી (અ.) ! હું પોતે જ તમારા માટે તમને કેટલીક બાબતો બતાવું છું તેમને યાદ રાખજો. પછી ફરમાવ્યું, અય અલ્લાહ ! એમની મદદ કરજે. પહેલી બાબત સચ્ચાઈ છે તેથી કદી તમારા મોઢેથી કોઈ જૂઠ બાબત ન નીકળે. બીજી બાબત પરહેઝગારી છે, ખબરદાર કદી પણ ખયાનતની હિંમત પણ ન કરતા. ત્રીજી બાબત ખુદાનો ખૌફ છે. તમે એવી રીતે ડરો કે જેવી રીતે તે તમને જોઈ રહ્યો છે. ચોથી બાબત અલ્લાહના ખોફથી વધારે પડતું રડવું તે છે. તમારા દરેક આંસુના ટીપાથી તમારા માટે જન્નતમાં એક ઘર બનશે. પાંચમી બાબત પોતાના દીનની ખાતર તમે તમારું ખૂન અને માલ ખર્ચ કરો. છઠ્ઠી બાબત, મારી નમાઝ, મારા રોઝા અને મારા સદકામાં મારી સુન્નતને અપનાવતા રહેજો અને નમાઝ તો એ પચાસ રકાત છે અને રોઝા તો દર મહિને ત્રણ દિવસના છે, મહિનાના પહેલા ગુરૂવારે, વચલા બુધવારે અને છેલ્લા ગુરૂવારે. અને સદકો તો એવો કે તમારી કોશિશ હોય એટલો સદકો આપો કે લોકો એવું કહે કે તમે ઈસ્રાફ (અતિરેક) કર્યો

જો કે તમે ઈસ્રાફથી કામ ન લેતા અને તમારા ઉપર નમાઝે શબ લાઝિમ છે અને તમારા ઉપર દરેક મહિનામાં કુરઆનની તિલાવત લાઝિમ છે અને તમારા ઉપર નમાઝમાં તમારા બન્ને હાથ ઉઠાવવા લાઝિમ છે અને તે બન્નેની ઉલટ સુલટ અને તમારા ઉપર દરેક નમાઝના માટે વુઝૂમાં મિસ્વાક લાઝિમ છે અને તમારા પર સુંદર અખ્લાક લાઝિમ છે અને તમારા ઉપર બદઅખ્લાકીથી દૂરી લાઝિમ છે અને જો તમે એવું ન કર્યું તો તમારા નફસના સિવાય બીજાને બૂરો ન કહો. (૫૪૩૨)

સલીમ બિન કૈસ હિલાલીથી રિવાયત છે કે તેમનું બયાન છે કે હઝરત અલી (અ.)ની વસિયતના મોકા ઉપર હું સાક્ષી બન્યો હતો કે જે વખતે પોતાના ફરઝંદ હઝરત ઈમામ હસન (અ.)થી વસિયત ફરમાવી રહ્યા હતા અને આપ (અ.)એ પોતાની વસિયત પર ઈમામ હુસૈન (અ.) અને મોહંમદ (હન્ફીયા) અને પોતાની તમામ ઓલાદ અને પોતાની અહલેબૈતના અકાબિર શીઆઓને પણ સાક્ષી બનાવ્યા. પછી આપ (અ.)એ પોતાની કિતાબો અને હથિયારો તેમના હવાલે કરી દીધાં. પછી ફરમાવ્યું, અય ફરઝંદ ! મને નબી (સ.)એ હુકમ કર્યો હતો કે હું તમને મારા વસી બનાવું અને મારી કિતાબો અને હથિયારો તમારા હવાલે કરું. જેવી રીતે રસૂલલ્લાહ (સ.)એ મને પોતાના વસી બનાવ્યા અને પોતાની કિતાબો અને હથિયારો મારા હવાલે કર્યાં અને અમને હુકમ આપ્યો હતો કે હું તમને હુકમ કરું કે જ્યારે તમારી વફાતનો સમય નજીક હોય તો આ સઘળી વસ્તુઓ તમારા ભાઈ હુસૈન (અ.) ના હવાલે કરી દો. ત્યાર પછી આપ (અ.)એ પોતાના ફરઝંદ હુસૈન (અ.)ની તરફ મોઢું કર્યું અને ફરમાવ્યું અને રસૂલલ્લાહ (સ.)એ તેમને હુકમ આપ્યો છે કે તમે તેને પોતાના ફરઝંદ અલી ઈબ્નુલ હુસૈન (અ.)ના હવાલે કરો. પછી આપ (અ.) પોતાના ફરઝંદ અલી ઈબ્નુલ હુસૈન (અ.)ની તરફ ફર્યા અને ફરમાવ્યું કે રસૂલલ્લાહ (સ.)એ તમને હુકમ કર્યો છે કે તમે તમારી વસિયત પોતાના ફરઝંદ મોહંમદ બિન અલી (અ.)ના હવાલે કરી દો અને રસૂલલ્લાહ (સ.)ના તરફના અને માર તરફના તેમને સલામ પહોંચાડી દેજો.

ત્યાર પછી આપ (અ.)એ પોતાના ફરઝંદ હસન (અ.)ની તરફ મોઢું કર્યું અને ફરમાવ્યું કે અય ફરઝંદ ! તમે વલી, અમ્ર અને ખૂનના વારિસ છો. અગર તમે અફવ (માફ) કરી દો તો તમને તેનો હક છે અને અગર તમે કતલ કરી દો તો એક ઝર્બની જગ્યાએ માત્ર એક ઝર્બ, એના કરતાં વધી ન જતા. પછી ફરમાવ્યું કે લખો :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

આ એ વસિયત છે કે જે અલી ઈબ્ને અબીતાલિબ (અ.)એ કરી છે. તે એવી વસિયત

**દિલકો નિયાઝે હસ્રતે દીદાર કર ચૂકે,**
**દેખા તો હમમેં તાકતે દીદાર ભી નહીં.**
**–ગાલિબ**

કરે છે કે તે ગવાહી આપે છે, નથી કોઈ અલ્લાહ સિવાય એ અલ્લાહના કે તે એકલો છે, તેનો કોઈ શરીક નથી અને મોહંમદ (સ.) તેના બંદા છે અને તેના રસૂલ છે જેમને તેણે હિદાયત કરી, હકની સાથે મોકલ્યા જેથી તે તમામ દીનો ઉપર ગાલિબ આવે ભલેને પછી મુશરિકો તેને કેટલુંય નાપસંદ કરે, પછી મારી નમાઝ, મારી ઈબાદત, મારી હયાત, મારું મોત એ અલ્લાહના માટે છે કે જે સઘળા આલમોનો રબ છે, તેનો કોઈ શરીક નથી, તેનો મને હુકમ આપવામાં આવ્યો છે અને હું મુસલમાનોમાંથી એક છું. પછી હું તમને વસિયત કરું છું, અય હસન (અ.) ! પછી મારી તમામ ઓલાદ અને મારી અહલેબૈત અને મોમિનીનમાંથી એ તમામ લોકો કે જેમની પાસે મારું આ લખાણ પહોંચે, અલ્લાહ તઆલાનો તક્વો ઈખ્તિયાર કરે તે તમારા લોકોનો રબ છે અને તમારા લોકોને મોત આવે તો મુસલમાન હોવાની હાલતમાં અને તમે બધા લોકો અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડેલી રાખો અને અંદરોઅંદર ફાટફૂટ ન પાડો અને યાદ કરો એ બક્ષિસને કે જે અલ્લાહ તઆલાએ તમારા લોકો ઉપર કરી છે જ્યારે તમે લોકો અંદરોઅંદર એકબીજાના દુશ્મન હતા તો અલ્લાહે તમારાં દિલોને જોડી દીધાં કેમકે મેં રસૂલલ્લાહથી સાંભળ્યું છે કે તેઓ ફરમાવી રહ્યા હતા કે આપસમાં સુલેહ અને સફાઈથી રહેવું અફઝલ છે. સામાન્ય રીતે નમાઝ અને રોઝાથી અને આપસમાં બુગ્ઝ અને અદાવત દીનને નાબૂદ

## શબ્દ પરિચય

### એહસાન

**એહસાન :** (احسان) એહસાન શબ્દ અરબી ભાષાનો છે. આ શબ્દના અર્થ આ મુજબ થાય છે : (૧) ઉપકાર, આભાર, પાડ (૨) નેકી, ભલાઈ, સારો વ્યવહાર, મહેરબાની (૩) વર્તાવ, સારા વર્તનનો સ્વીકાર, આભારીપણું. આ શબ્દ ઉપરથી બનતા રૂઢિ પ્રયોગો : **એહસાન ઉતારના** – ઉપકારના બદલામાં ઉપકાર કરવો, ભલાઈનો બદલો આપવો **એહસાન જતાના** – પોતાની નેકીનો ઝિક્ર જીભ ઉપર લાવવો, પોતાનો ઉપકાર દેખાડવો **એહસાન સર પર હોના** –મહેરબાનીનો ભાર હોવો **એહસાનકા એવઝ એહસાન હૈ** – નેકીનો બદલો નેકી છે **એહસાન લીજિયે જહાનકા ન એહસાન લીજિયે શાહજહાનકા.** દુનિયાભરનો એહસાન ઉઠાવજો પરંતુ કોઈ દોલતમંદ કે અમીરનો એસાન ન ઉઠાવવો જોઈએ. એહસાન શબ્દ ઉપરથી બનતા કેટલાક શબ્દો જોઈએ. **એહસાને અઝીમ** – મહાન ઉપકાર **એહસાનમંદ** – આભારી, શુક્રગુઝાર **એહસાન નાશનાસ** – એહસાનને ભૂલી જનારા, નિમકહરામ, નાશુક્રો **એહસાનફરામોશ** – ઉપકાર ભૂલી જનારો **એહસાનફરોશ** – ઉપકાર કરીને ગણી બતાવનાર, વગેરે, **એહસાન** – શબ્દનું બહુવચન **એહસાનાત** (ઉપકારો) એવું થાય છે.

કરવાનું અને આપસમાં ફિત્ના ફસાદનું કારણ છે અને નથી કોઈ કુવ્વત પરંતુ અલ્લાહની આપેલી હોય.

તમે તમારા રિશ્તેદારોને જોતા રહો અને તેમની સાથે સદ્‌વર્તન કરતા રહો. અલ્લાહ તમારા લોકોના હિસાબને આસાન કરી દેશે અને અલ્લાહનો વાસ્તો તમને લોકોને, યતીમોની બાબતમાં તેમના મોઢામાંથી રડવાનો અવાજ બુલંદ થવા ન દેતા અને તમારી મોજૂદગીમાં તેઓ તબાહ અને બરબાદ ન થાય એટલા માટે કે મેં રસૂલલ્લાહ (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે આપ (સ.) ફરમાવ્યા કરતા હતા કે જે માણસ કોઈ યતીમને પાળે એટલે સુધી કે તે ઉન્નત (પૈસાદાર) થઈ જાય, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નત વાજિબ કરી દે છે જેવી રીતે યતીમનો માલ ખાઈ જનારા પર જહન્નમ વાજિબ કરી દે છે.

અને તમને લોકોને અલ્લાહનો વાસ્તો કુરઆનના બારામાં કે તેના ઉપર અમલ કરવામાં તમારાથી બીજો સબક્કત (પહેલ) પ્રાપ્ત ન કરી લે.

અને તમને લોકોને અલ્લાહનો વાસ્તો તમારા પોતાના પડોશીઓના બારામાં, એટલા માટે કે અલ્લાહ તેના રસૂલ (સ.) બન્નેએ તેમની બાબતમાં વસિયત ફરમાવી છે. (ક્રમશઃ)

(સંદર્ભ : મલ્લા યહઝુરુહુલ ફકીહ, ભાગ–૪, પેજ–૧૩૪ થી ૧૩૬, ઉર્દૂમાંથી અનુવાદિત)

## નુસ્ખા

### પેશાબ

* પાતળી છાશમાં બે આનીભાર સૂકોખાર નાખીને પીવાથી પેશાબ છૂટથી થાય છે.
* વરિયાળી શરબત બનાવીને તેમાં જરાક સૂકોખાર પીવાથી પેશાબની બળતરા મટે છે.
* વરિયાળી અને ગોખરૂનો ઉકાળો બનાવીને પીવાથી પેશાબની બળતરા મટે છે.
* એલચીના ચૂર્ણને આમળાના ચૂર્ણ સાથે કે આમળાના રસમાં લેવાથી પેશાબની બળતરા દૂર થાય છે.
* આમળાના રસમાં મધ અને હળદર નાખીને પીવાથી પેશાબ માર્ગે જતું પરૂ બંધ થાય છે. (ક્રમશઃ)




વેટરનરી ડોક્ટર

ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

મો. ૯૯૭૮૭૬૯૬૫૧

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

# આપણા ઘરની વાતો

**● કાટવાડ મુકામે નવીન ઇદગાહનો શુભારંભ :**

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને પીરો મુરશિદની દુઆથી કાટવાડ મુકામે તા.૧૫ જમા. આખર–૧૪૩૪, તા.૨૬–૪–૨૦૧૩ના રોજ પ્રથમ નવીન બનાવેલ ઈદગાહમાં જુમ્આની નમાઝ અદા કરવામાં આવી હતી. કાટવાડ, ઝહીરાબાદ, તેજપુરા તેમજ હિંમતનગર મુકામે ધંધા અર્થે આવતા અન્ય ગામોના મોમિન ભાઈઓ મળીને કુલ ૨૫૦ જેટલા મોમિનોએ નમાઝે જુમ્આ અદા કરી હતી. ઈદગાહમાં પ્રથમ જુમ્આ હોવાથી મોલ્વી સાહેબ ગુલામહૈદર મસીએ જુમ્આ વિશે ઈમામોની હદીસથી જાણકારી આપી હતી. ગામના મોમિનો મહેમાનોને આવકારવા તથા ખિદમત કરવા ખૂબ જ તત્પર બની ગયા હતા અને સૌના ચહેરા પર ખુશીનું વાતાવરણ દેખાતું હતું. ઈદગાહના કામકાજમાં જે ભાઈ–બહેનોએ શારીરિક તેમજ આર્થિક મદદ કરી છે તેમનો કાટવાડ શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત આભાર માને છે અને દુઆ ગુઝારે છે કે અલ્લાહ તઆલા તેમને નેક બદલો આપે, આમીન.

**● મુદર્રિસમાંથી નિવૃત્તિ :**

કનાઈ નિવાસી **મોલ્વી સાહેબ વલીમોહંમદ સુલેમાનભાઈ દેધરોટીયા** ઈ.સ. ૧૯૬૬થી મુદર્રિસ તરીકે નડીયાદ, જેઠીપુરા અને છેલ્લે અમદાવાદમાં સતત ૩૮ વર્ષ સુધી અને કુલ ૪૭ વર્ષ સુધી સેવા બજાવીને સ્વેચ્છાએ નિવૃત્ત થયા છે. પાલડી શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના ભાઈઓએ તેમને રોકડ રકમ આપીને તેમની સેવાને બિરદાવીને ભાવભીની વિદાય આપેલ છે. અલ્લાહ તઆલા મોહંમદ વ આલે મોહંમદના વસીલાથી સર્વેને તંદુરસ્તી સાથે ઈમાનની સલામતી અને એકતા રાખે, આમીન.

**● વિદાય સમારંભ :**


સેવાલણી શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતમાં મુદર્રિસ તરીકે ફરજ બજાવતા **મોલ્વી સાહેબ અલીરઝા એ. ગોદડ (કિશોરગઢવાળા)**નો તા.૧૫–૩–૨૦૧૩ને શુક્રવારના રોજ વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. મોલ્વી સાહેબે સતત ૧૧ વર્ષ સુધી મુદર્રિસ તરીકેની ફરજ ખૂબ જ ખંતથી અદા કરી હતી. મોલ્વી સાહેબ મક્તબા જાફરીયા ખાતે નામદાર બાવા સાહેબના સાનિધ્યમાં ઈલ્મ પ્રાપ્ત કરનાર પ્રથમ બેચના મોલ્વી સાહેબ છે. મોલ્વી સાહેબે ગામમાં ઈલ્મ થકી અલ્લાહ, રસૂલ અને અઈમ્મએ માઅસૂમીન (અ.)ના ફરમાનો, હદીસો થકી મોમિન જમાઅતના દરેક નાના મોટાના દિલ સુધી પહોંચાડી પરહેઝગારભર્યું જીવન જીવી દરેક નાના મોટાના દિલોમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. લોકોની તેમના પ્રત્યેની ચાહના એ બાબતની સાબિતી છે કે તેમના વિદાય પ્રસંગે દરેક નાના મોટાની આંખમાં વિદાયનાં આંસુ હતાં. દરેક નાના મોટાએ દિલથી દુઆઓ આપી કે આપ જ્યાં પણ જાઓ અલ્લાહ આપના ઈલ્મમાં ખૂબ જ વધારો કરે અને મુદર્રિસ તરીકેની ફરજમાં આપને અલ્લાહ સલામતી બક્ષે. આપની નિષ્ઠાપૂર્વકની ફરજની કદરરૂપે દરેકે હદિયો આપીને વિદાય આપી હતી. જવાબમાં મોલ્વી સાહેબે અલ્લાહ સૌના ઈલ્મમાં, ઈમાનમાં વધારો કરે અને અલ્લાહની રહેમતો, બરકતો ઉતારે, એકતા–ભાઈચારો કાયમ રહે એવી દુઆ માગી હતી.




● **અભિનંદન :**

કનાઈ નિવાસી **મો. મહંમદઅલી મુસ્તાકઅલી ખાણશીયા**એ T.Y.B.Sc Chemistry વિષય સાથે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક મેળવી બે ગોલ્ડ મેડલ મેળવેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **ઇન્નાલિલ્લાહે..:**



←મેતા નિવાસી **મર્હૂમા મો.જનુબેન યૂસુફભાઈ સુણસરા** મુ.તા.૧૦, જમા.અવ્વલ–૧૪૩૪, તા.૨૩–૩–૨૦૧૩ને શનિવારના રોજ ૮૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ભોળા, મિલનસાર, મહેમાનનવાઝ, હસમુખા અને પીરો મુરશિદનાં ચાહક તથા અહલેબૈત (અ.)નાં મોહિબ હતાં.



મેતા નિવાસી **મર્હૂમ મો.નૂરમોહંમદ શરીફભાઈ અસામદી (બંકા)** મુ.તા.૪, રબી.આખર–૧૪૩૪, તા.૧૫–૨–૨૦૧૩ને શુક્રવારના રોજ ૬૫ વર્ષની વયે શ્વાસની ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત, નિખાલસ, નરમ, દયાળુ અને ગરીબોની મદદ કરનારા હતા. મર્હૂમ ઉમરા હજ–ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. તેઓ ધાર્મિક તેમજ ગુરૂપ્રેમી હતા. ⟶



←મજાદર–મહેરપુરા નિવાસી **મર્હૂમા મો.આયશાબેન સુલેમાનભાઈ અલાદ** મુ.તા.૨૦, જમા.આખર–૧૪૩૪, તા.૧–૫–૨૦૧૩ને બુધવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક તથા પીરો મુરશિદનાં મોહિબ હતાં.



ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.મુખ્તારઅહમદ મોહિસનઅલી હાજી** મુ.તા. ૧૭, જમા.આખર–૧૪૩૪, તા.૨૮–૪–૨૦૧૩ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



←કાટવાડ નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન ઈસ્માઈલભાઈ દાવડા** મુ.તા. ૧૮, જમા.આખર–૧૪૩૪, તા.૨૯–૪–૨૦૧૩ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વાભાવે માયાળુ અને મોહંમદ વ આલે મોહંમદ (સ.)નાં ચાહક હતાં.



વસો નિવાસી હાલ લંડન સ્થિત મર્હૂમ મો.હાજી રૂશેદઅલી હાજી ગુલામઅલી મુ.તા. ૨૫, જમા.અવ્વલ–૧૪૩૪, તા.૭–૪–૨૦૧૩ને રવિવારના રોજ ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત, નેક, ઈમાનદાર, પરહેઝગાર, આશિકે હુસૈન અને મોહંમદ વ આલે મોહંમદ તથા પીરાને તરીકતના ચાહક હતા. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૫૦૦/- મો.મર્હૂમા જનુબેન યૂસુફભાઈ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૫૦/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા (મજાદર)તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મતલૂબઅલી દાવૂદભાઈ મહેતા (મજાદર)તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૩૦/- મો.ખાતૂનબેન ગુલામહુસૈન વલુડા (મજાદર–મહેરપુરા) તેમજ તેમના કુટુંબીજનો તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૧/- મો.આયશાબેન સુલેમાનભાઈ અલાદ (મજાદર–મહેરપુરા)તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.નૂરમોહંમદ શરીફભાઈ અસામદી (બંકા) (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- વિનોદલાલ પોપટલાલ મહેતા
રૂા.૧૦૦/- મો.હસનઅલી નૂરમોહંમદ અસામદી
રૂા.૧૦૦/- મો.હુરીબેન નૂરમોહંમદ અસામદી
રૂા.૧૦૦/- મો.હબીબાબેન આબિદઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.ઝયનબબેન અનવરઅલી પલસાણીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન હૈદરઅલી બાળવા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન અલીમોહંમદ અસામદી
રૂા.૫૦/- મો.સાબેરાબેન હસનઅલી અસામદી
રૂા.૫૦/- મો.અકબરઅલી અનવરઅલી પલસાણીયા
રૂા.૨૫/- મો.રહેમતફાતેમા અનવરઅલી પલસાણીયા
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા અનવરઅલી પલસાણીયા
રૂા.૨૫/- મો.અહમદઅબ્બાસ અલીમોહંમદ અસામદી
રૂા.૨૫/- મો.કનીઝઝહેરા અલીમોહંમદ અસામદી
રૂા.૨૫/- મો.અકબરહુસૈન અલીમોહંમદ અસામદી
રૂા.૨૫/- મો.તાહેરાબેન હસનઅલી અસામદી
રૂા.૨૫/- મો.મન્સૂરઅલી હસનઅલી અસામદી
રૂા.૨૫/- મો.હૈદરઅબ્બાસ હસનઅલી અસામદી
રૂા.૨૫/- મો.હલીમાફાતેમા આબિદઅલી સુણસરા
રૂા.૨૫/- મો.અકીલાફાતેમા આબિદઅલી સુણસરા

**મર્હૂમા મો.આઈશાબેન સુલેમાનભાઈ અલાદ (મજાદર–મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૧/- મો.મલુકબેન ગુલામભાઈ ખારાવાળા
રૂા.૧૫૦/- મો.શીરીનબાનુ સુલેમાનભાઈ અલાદ
રૂા.૧૫૦/- મો.જાફરઅલી સુલેમાનભાઈ અલાદ
રૂા.૨૫૦/- મો.તસ્લીમબાનુ જાફરઅલી અલાદ
રૂા.૫૦/- મો.સલમાબાનુ જાફરઅલી અલાદ
રૂા.૫૦/- મો.કાઝિમઅલી જાફરઅલી અલાદ
રૂા.૫૦/- મો.હબીબાફાતેમા જાફરઅલી અલાદ
રૂા.૧૫૦/- મો.નજરમોહંમદ સુલેમાનભાઈ અલાદ

રૂા.૧૫૦/- મો.સાકેરાબાનુ નજરમોહંમદ અલાદ
રૂા.૫૦/- મો.કૌસરફાતેમા નજરમોહંમદ અલાદ
રૂા.૧૫૦/- મો.અબ્બાસઅલી સુલેમાનભાઈ અલાદ
રૂા.૧૫૦/- મો.આબિદઅલી સુલેમાનભાઈ અલાદ
રૂા.૨૫૦/- મો.સલમાબાનુ આબિદઅલી અલાદ
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ નૂરમોહંમદ અલાદ
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૫૦/- મો.મંજૂરઅહેમદ ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૫૦/- મો.સાકેરાબેન ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૫૦/- મો.નૂરબાનુ અબ્બાસઅલી અલાદ
રૂા.૫૦/- મો.મહેમૂદાબેન ઈમ્દાદઅલી અલાદ
રૂા.૫૦/- મો.નૂરબાનુ શબ્બીરઅલી અલાદ
રૂા.૫૦/- મો.સકીનાબાનુ ઈમ્દાદઅલી અલાદ
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૧૦૦/- મો.આઈશાબેન ઈસ્માઈલભાઈ અલાદ
રૂા.૫૦/- મો.અહમદઅલી ઈસ્માઈલભાઈ અલાદ
રૂા.૫૦/- મો.હૈદરઅલી ઈસ્માઈલભાઈ અલાદ
રૂા.૫૦/- મો.કાસિમઅલી ઈસ્માઈલભાઈ અલાદ
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ અલાદ
રૂા.૫૦/- મો.તાહેરાબેન અહમદઅલી મહેતા
રૂા.૫૦/- મો.હસીનાબેન મહેંદીઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.અનવરઅલી દાવૂદભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.ખૈરૂનબેન અન્વરઅલી મહેતા
રૂા.૫૦/- મો.અકબરઅલી અન્વરઅલી મહેતા
રૂા.૫૦/- મો.મેઅરાજહુસૈન અન્વરઅલી મહેતા
રૂા.૧૦૦/- મો.મતલૂબઅલી દાવૂદભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન મતલૂબઅલી મહેતા
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી મતલૂબઅલી મહેતા
રૂા.૫૦/- મો.ફતેહઅલી મતલૂબઅલી મહેતા
રૂા.૫૦/- મો.સિરાજએહમદ મતલૂબઅલી મહેતા
રૂા.૫૦/- મો.ઈરફાનાબેન મતલૂબઅલી મહેતા
રૂા.૫૦/- મો.આદમભાઈ ઈબ્રાહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.આઈશાબેન આદમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.મંજૂરહુસૈન આદમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.શહરબાનુ શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.મરયમબેન કમરઅલી સુણસરા
રૂા.૫૩૦/- મો.ખાતૂનબેન ગુલામહુસૈન વલુડા તથા તેમના પરિવારજનો તરફથી
રૂા.૫૦/- મો.મહંમદઅલી ગુલામભાઈ સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.ઝયનબબેન મહંમદઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.ઈસ્માઈલઅલી મહંમદઅલી સિધ્ધપુરા
રૂા.૫૦/- મો.શૌકતઅલી મહંમદઅલી સિધ્ધપુરા
રૂા.૧૦૦/- મો.અસ્માબેન ઈસ્માઈલઅલી સિધ્ધપુરા
રૂા.૨૦૦/- મો.હનીફાબેન સુલેમાનભાઈ શેલીયા તથા તેમના પરિવારજનો તરફથી
રૂા.૧૦૦/- મો.નજમાબાનુ અનવરઅલી પટેલ
રૂા.૫૦/- મો.સુગરાબાનુ હસનઅલી બાલવા

**મોલ્વી વલીમોહંમદ સુલેમાનભાઈ દેધરોટીયા (કનાઈ)તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૧/- હઝરત પીર સૈયદ વસીહૈદર મશાયખ બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૨૧/- હઝરત પીર સૈયદ અબ્દુલ્લાહ બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૨૧/- હઝરત પીર સૈયદ દિવાને મશાયખ બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૨૧/- હઝરત પીર સૈયદ હસનઅલી બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૨૧/- હઝરત પીર સૈયદ અબૂતાલિબ બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.
રૂા.૨૧/- હઝરત પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન

બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- જનાબ સૈયદ વફીએહમદ બાવાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- મર્હૂમ સુલેમાનભાઈ નાથુભાઈ દેધરોટીયાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- મર્હૂમા અમીનાબેન સુલેમાનભાઈ દેધરોટીયાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧/- મર્હૂમ ગુલામહુસૈન સુલેમાનભાઈ દેધરોટીયાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.અમીનાબેન ઈસ્માઈલભાઈ દાવડા (કાટવાડ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.મહંમદઅલી ઈસ્માઈલભાઈ દાવડા

રૂા.૧૦૦/- મો.હલીમાબેન મહંમદઅલી દાવડા

રૂા.૫૦/- મો.મંજૂરમહંમદ મહંમદઅલી દાવડા

રૂા.૫૦/- મો.કુલસુમફાતેમા મહંમદઅલી દાવડા

રૂા.૧૦૦/- મો.ઝયનબબેન ગુલામભાઈ દાવડા

રૂા.૧૦૦/- મો.ઉરીબેન શરીફભાઈ દાવડા

રૂા.૨૦૦/- બંદએ ખુદા તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબા તથા મર્હૂમ પીરાને તરીકતની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.રહેમતફાતેમા ગુલામમહંમદ સુથાર (રામોલ)તરફથી તેઓ B.Ed.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૧/- મો.મંજૂરઅલી રૂશેદઅલી (વસો–લંડન)તરફથી તેમના પિતા મર્હૂમ મો. હાજી રૂશેદઅલી હાજી ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.


આબિદઅલી મુખી ૯૯૭૯૦૮૮૦૧૮ | દુકાન ૯૦૩૩૧૨૭૪૪૦ | શબ્બીરભાઈ ૯૪૨૬૪૩૪૩૯૭

# યાદગાર હોઝીયરી

## એન્ડ કટલરી સ્ટોર્સ

અમદાવાદ (વાઘરોલવાળા)

અમારે ત્યાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, પગ મોજા, બનિયાન, અંડરવેર, ટુવાલ, પીળાલફ, ગમછા, લુંગી, નેપકીન, સોલાપુરી ચાદર તમામ વેરાયટી અને 12W, 24W, DC પંખા, કાર ફેન, પકકડ, પાના સેટ (રીંગ+ફિક્સ) હોલસેલ ભાવથી મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને રહેશે.

ભાવ બાબતે અમારી સાથે મુક્તપણે વાતચીત કરી શકો છો. | આપની પાસેથી સાથ–સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**